# નોટીસ

**ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.**
સ્થાપના : ૧૯૭૦ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક
**હેડ ઓફિસ** : ''કાલુપુર બેંક ભવન'', ઈન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
**ફોન નં.**: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬ • **ફેક્સ** : ૨૭૫૪૪૪૫૦, ૨૭૫૮૨૦૩૩

આથી બેંકના સર્વે સભાસદોને જણાવવાનું કે, હાલની કોવિડ-૧૯ મહામારીની પરિસ્થિતિમાં અને વાર્ષિક સાધારણ સભા યોજવાની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને તથા સેન્ટ્રલ રજીસ્ટ્રાર કો-ઓપ. સોસાયટીઝ, નવી દિલ્હીના પરિપત્ર અને અન્ય લાગુ કાયદાના અનુપાલન સ્વરૂપ બેંકની ૫૦મી વાર્ષિક સાધારણ સભા, **તા.૨–૧૧–૨૦૨૦ ને સોમવાર** ના રોજ ભારતીય સમય અનુસાર સાંજે ૪-૦૦ કલાકેથી, વિડિયો કોન્ફરન્સીંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) થકી નીચેના કામકાજ સારૂ મળશે.

## કાર્યસૂચિ

૧) તા.૧૪-૦૬-૨૦૧૯ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની મિનિટ્સની નોંધ લઇ બહાલી આપવા બાબત.

૨) તા.૨૯-૦૧-૨૦૨૦ના રોજ યોજાયેલ ખાસ સાધારણ સભામાં જાહેર કરવામાં આવેલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સનાં વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટેનાં ચૂંટણીના પરિણામની નોંધ લેવા બાબત.

૩) તા.૩૧-૩-૨૦૨૦ના રોજ પૂરા થયેલા વર્ષ માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તૈયાર કરેલ રિપોર્ટ, બેંકનું ઓડિટ થયેલું સરવૈયું, નફા-નુકશાન ખાતાના હિસાબો અને વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર મંજૂર કરવા તથા વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના સ્ટેચ્યુટરી ઓડિટર્સના રિપોર્ટની નોંધ લેવા બાબત.

૪) બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કરેલ ભલામણ મુજબ નફાની વહેંચણી અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની મંજૂરીને આધિન ડિવિડન્ડ જાહેર કરવા બાબત.

૫) ૨૦૨૦-૨૧ના વર્ષ માટે, બેંકના હિસાબ તપાસવા સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂંક કરવા બાબત. બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા પી.આર.શાહ એન્ડ એસોસીએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના નામની ભલામણ કરવામાં આવેલ છે.

૬) બેંકના એન.પી.એ. થયેલાં ખાતાં પૈકીના ખાતાઓમાં, બેંકની વાર્ષિક સાધારણ સભાએ આપેલા અધિકાર અનુસાર બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, વર્ષ દરમિયાન અમુક ખાતાઓમાં લેણી રકમ માંડવાળ કરવા કે રાહત આપવા કરેલી ભલામણને બહાલી આપવા બાબત.

૭) ચેરમેનશ્રીની મંજૂરીથી જે કાંઇ કામ રજૂ થાય તે ઉપર વિચારણા કરવા તથા નિર્ણય લેવા બાબત.

અમદાવાદ.
તા.૧૭-૦૯-૨૦૨૦

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
વિનોદ જી. દાદલાણી
જનરલ મેનેજર અને સી.ઇ.ઓ.

## નોંધ : સભાસદોને ખાસ વિનંતી

૧) કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો તેજ દિવસે અડધા કલાક બાદ સભા ફરીથી મળશે જે કાયદેસર ગણાશે અને એજન્ડા મુજબની કાર્યવાહી કરશે.

૨) ફક્ત સભાસદોને ઇ-વોટિંગ દ્વારા મતદાન કરવા દેવામાં આવશે.

૩) જે સભાસદોને સરવૈયા તથા નફા-નુકશાનના હિસાબ અંગે સભામાં વધુ માહિતી જોઇતી હોય તેમણે સાધારણ સભાની તારીખથી ચાર કામકાજના દિવસ અગાઉ બેંકમાં લેખિત માંગણી મોકલી આપવા વિનંતી છે. વાર્ષિક અહેવાલ બેંકની દરેક શાખામાં તથા બેંકની વેબસાઇટ www.kalupurbank.com પર ઉપલબ્ધ છે.

૪) વર્ષ ૨૦૧૯-૨૦ના ડિવિડન્ડની ચૂકવણી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની મંજૂરી મળ્યા પછી જ કરવામાં આવશે.

૫) રિઝર્વ બેંકના આદેશ અનુસાર દરેક સભાસદના KYC સંબંધિત પુરાવાઓ લેવાનું ફરજિયાત થયેલ હોવાથી જે સભાસદોએ KYC સંબંધિત પુરાવાઓ પુરા નહિ પાડ્યા હોય, તેમને આવા પુરાવાઓ પુરા પાડ્યા બાદ જ ડિવિડન્ડ ચુકવાશે.

૬) જે સભાસદોએ હજી સુધી તેમના વારસદારની નિમણૂંક ન કરી હોય તેમને વારસદારની નિમણૂંક કરવા વિનંતી છે.

૭) બેંકના પેટા કાયદા અનુસાર તથા ભારતના બંધારણમાં થયેલા ૯૭ મા સુધારા અનુસાર, બેંકના દરેક સભાસદે, તેમનુ સભાસદપણું ચાલુ રાખવા માટે બેંકની કોઇ પણ એક સેવા લેવી ફરજિયાત છે, તેથી બેંકના દરેક સભાસદ / સભાસદ પેઢીઓને વિનંતી છે કે તેઓ આપણી બેંકમાં બચત/ચાલુ ખાતા ખોલાવે કે બેંકની બીજી કોઇ પણ એક સેવા લઇ બેંકના પેટા કાયદા મુજબ સભાસદપણાના નિયમોનું પાલન કરે જેથી તેમને ચૂકવવા પાત્ર ડિવિડન્ડની રકમ ખાતામાં જમા કરવામાં સુગમતા રહે.

૮) સભાસદોના તેજસ્વી વિદ્યાર્થીઓના લાભાર્થે બેંકમાં "કાલુપુર બેંક શિષ્યવૃત્તિ યોજના" તથા દિવંગત સભાસદોના આશ્રિતોને સહાય કરવા માટે "સભાસદ સહાય યોજના" અમલમાં છે. સભાસદોને આ યોજનાઓનો લાભ લેવા વિનંતી છે.

૯) સભાસદોએ નોંધ લેવી કે તા.૦૨-૧૧-૨૦૨૦ તથા તા.૦૩-૧૧-૨૦૨૦ દરમ્યાન તેઓ તેમના પ્રશ્નો બેંકના ઇ-મેઇલ આઇડી agm@kalupurbank.com પર મોકલી શકે છે. આ પ્રશ્નોના જવાબ બેંક દ્વારા તા.૦૪-૧૧-૨૦૨૦ના રોજ બેંકની વેબસાઇટ www.kalupurbank.com પર પ્રદર્શિત કરાશે. નોટીસમાં દર્શાવેલ એજન્ડાના મુદ્દા પર સભાસદો NSDL ની ઇ-વોટીંગ સાઇટ ઉપર તા.૦૫-૧૧-૨૦૨૦ અને તા.૦૬-૧૧-૨૦૨૦ ના રોજ મતદાન કરી શકશે.

૧૦) વિડીયો કોન્ફરન્સીંગ (વીસી)/અન્ય ઓડીયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા સાધારણ સભાની વિગતવાર માર્ગદર્શિકા અને પ્રક્રિયા આ સાથે સામેલ છે.

૧૧) જે સભાસદોએ તેમના ઇ-મેઇલ આઇડી બેંકમાં નોંધાયેલ નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના ઇ-મેઇલ આઇડીની બેંકમાં નોંધણી કરાવે, કારણ કે આપણી બેંક અન્ય બેંકો/કંપનીઓની જેમ ભવિષ્યમાં વાર્ષિક સાધારણ સભાની નોટીસ અને બેંકનો વાર્ષિક અહેવાલ પ્રિન્ટ કોપીની જગ્યાએ ઇલેક્ટ્રોનીક માધ્યમથી મોકલી શકે. જેથી વૃક્ષોનું જતન અને પર્યાવરણને સહાયરૂપ થઇ શકે.

## વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા ૫૦મી વાર્ષિક સાધારણ સભાની માર્ગદર્શિકા/પ્રક્રિયા

વાર્ષિક સાધારણ સભાની તારીખ અને સમય : ૦૨-૧૧-૨૦૨૦, સાંજે ૪-૦૦ કલાકે
બેંકનો **NSDL EVEN No. 114592**

**સ્ટેપ નં. ૧ : વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા માટે વેબસાઇટની માહિતી બાબત**
તા.૦૨-૧૧-૨૦૨૦ના રોજ વિડિયો કોન્ફરન્સીંગ(વીસી) દ્વારા ૫૦ મી વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા માટે **NSDL** ની વેબસાઇટ **www.evoting.nsdl.com** અથવા બેંકની વેબસાઇટ **www.kalupurbank.com** પર **Shareholder Login** પર ક્લીક કરી જોડાઇ શકાશે. અહીં સભાસદે **shareholder/member login** પર ક્લીક કરવાનું રહેશે.

**સ્ટેપ નં. ૨ : User ID અને Password/OTP બાબત**
**e-AGM** માં જોડાવવા માટે **User ID** અને **Password/OTP** ની જરૂર રહેશે.

### User ID
**NSDL** દ્વારા આપવામાં આવેલ બેંકનો **EVEN No. 114592** છે. આથી સભાસદનો **User ID - 114592** અને ત્યારબાદ સભાસદનો મેમ્બરશીપ નંબર ૫ આંકડાનો ટાઇપ કરવાનો રહેશે. (દા.ત. (૧) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૧ હોય તો તે સભાસદનો **User ID 11459200001** રહેશે. (૨) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૨૧૮ હોય તો તે સભાસદનો **User ID 11459200218** રહેશે).
આથી દરેક સભાસદનો **User ID** કુલ ૧૧ આંકડાનો રહેશે.

### Password
(અ) જે સભાસદના મોબાઇલ નંબર બેંક પાસે નોંધાયેલ છે. તે સભાસદોને **SMS** દ્વારા **Password** મોકલવામાં આવશે. ઉપરાંત સભાસદ **OTP** દ્વારા પણ **Login** થઇ શકશે.
(બ) જે સભાસદના ઇ-મેઇલ આઇડી બેંક પાસે નોંધાયેલ છે. તે સભાસદોને ઇ-મેઇલ દ્વારા **Password/OTP** મોકલવામાં આવશે.
(ક) જે સભાસદના મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી બેંક પાસે નોંધાયેલ નથી, તે સભાસદ તેમના **Password** બેંકની નજીકની શાખા અથવા મુખ્ય કચેરી ખાતે શેર વિભાગમાં રૂબરૂ મળી સભાસદ આઇ કાર્ડ બતાવી મેળવી શકશે.
(ડ) **Password** પહેલીવાર **Login** સમયે બદલવાનો રહેશે.
નોંધ : સાધારણ સભા તા.૦૨-૧૧-૨૦૨૦ને સોમવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે છે, તો સભાસદ બપોરે ૩-૩૦ કલાકથી ઉપરોક્ત કાર્યવાહી દ્વારા જોડાઇ શકશે.

**સ્ટેપ નં. ૩ : વાર્ષિક સાધારણ સભાની કાર્યસૂચીને લગતા પ્રશ્નો બાબત**
તા. ૦૨-૧૧-૨૦૨૦ અને તા.૦૩-૧૧-૨૦૨૦ના રોજ સભાસદો વાર્ષિક સાધારણ સભાની કાર્યસૂચિને લગતા તેમના પ્રશ્નો ઇ-મેઇલ આઇડી **agm@kalupurbank.com** પર ઇ-મેઇલ કરી જણાવી શકશે. ઉપરાંત **e-AGM** દરમ્યાન ચેટ બોક્ષમાં પૂછી શકાશે. આ પ્રશ્નોના ઉત્તર બેંક દ્વારા તા.૦૪-૧૧-૨૦૨૦ના રોજ બેંકની વેબસાઇટ **www.kalupurbank.com** પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

**સ્ટેપ નં. ૪ : સભાસદના વોટ દાખલ કરવા બાબત**
સભાસદ એજન્ડા નોટીસમાં દર્શાવેલ કાર્યસુચી મુજબ સભાસદોના વોટ તા.૦૫-૧૧-૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ વાગ્યેથી તા.૦૬-૧૧-૨૦૨૦ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી **www.evoting.nsdl.com** ની વેબસાઇટ અથવા બેંકની વેબસાઇટ **www.kalupurbank.com** પર **shareholder login** પર ક્લીક કરી આપી શકાશે. આ પ્રક્રિયામાં **User-ID** અને **Password** સ્ટેપ નં. ૨ મુજબ રહેશે. ત્યારબાદ બેંકનો **EVEN No. 114592** સિલેક્ટ કરવું. ઇ-વોટીંગ માટે કાર્યસૂચીને **મંજુર કરવા Assent અથવા નામંજુર કરવા Dissent** સીલેક્ટ કરવાનું રહેશે. ત્યારબાદ **submit** પર ક્લીક કરવાનું રહેશે. પછી તેને **confirm** બટન પર ક્લીક કરવાથી આપનો વોટ રજીસ્ટર થશે આપના વોટની પ્રિન્ટઆઉટ તે સમયે મેળવી શકાશે.

**સ્ટેપ નં. ૫ : વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી ફોન દ્વારા સાંભળવા બાબત**
જે સભાસદોના મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી બેંકમાં રજીસ્ટર થયા નથી તેવા સભાસદો સાધારણ સભામાં ફોન દ્વારા જોડાવા માંગતા હોય તો તે ટોલ ફ્રી નંબર **022-64800114** પર ફોન કરી ત્યારબાદ મીટીંગ આઇડી **1709144456** દાખલ કર્યા બાદ **#** પ્રેસ કરી જોડાઇ શકાશે. આ રીતે જોડાયેલ સભાસદ સાધારણ સભાની કાર્યવાહી ફોન પર સાંભળી શકાશે.

ખાસ નોંધ:
- ઉપરોક્ત વિડીયો કોન્ફરન્સ અંગેની લેટેસ્ટ માહિતી બેંકની વેબસાઇટ www.kalupurbank.com પર મેળવી શકાશે.
- સાધારણ સભાની નોટીસ, **User-ID** અને **Password, NSDL** દ્વારા સભાસદને ઇ-મેઇલ/મોબાઇલ નંબર પર મોકલવામાં આવશે.
- સાધારણ સભામાં જોડાવવા અંગે ટેકનિકલ તકલીફ નિવારવા લેપટોપ, કોમ્પ્યુટર, મોબાઇલ વિગેરે કે જે યોગ્ય સ્પીડવાળા ઇન્ટરનેટથી જોડાયેલ હોય, તેનો ઉપયોગ કરવો.
- **e-AGM** દરમ્યાન પોતાના **views/queries** રજુ કરવા **speaker** તરીકે જોડાવવા માટેની અરજી સાથે માહિતી (મેમ્બરશીપ નંબર, મેમ્બરનું નામ, મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી) **agm@kalupurbank.com** પર **7** દિવસ અગાઉ ઇ-મેઇલ કરી જણાવવા વિનંતી છે.
- વધુ માહિતી માટે (૧) **NSDL** ના ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૨૨૯૯૦ પર અથવા **paragj@nsdl.co.in, evoting@nsdl.co.in** પર ઇ-મેઇલ કરવો. (૩) બેંકની નજીકની શાખા અથવા શેર વિભાગ, મુખ્ય કચેરી (ફોન નંબર ૦૭૯-૬૬૨૧૫૭૭૯/૬૬૨૧૫૮૧૮) પર અથવા મો.નં. ૯૪૨૭૩૧૧૧૦૨ (વિનયભાઇ) અને મો.નં. ૯૪૨૭૫૯૯૮૨૧ (નૈનેશભાઇ) પર સંપર્ક કરવો.

## ધી કાલુપુર કોમર્શિયલ કો.ઓપ. બેંક લિ.ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીના પરિણામનો અહેવાલ :-

બેંકના પેટા કાયદા નંબર ૩૪(અ) અનુસાર બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત તા.૧૦-૦૨-૨૦૨૦ના રોજ પૂરી થતી હતી. મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ-૨૦૦૨ ના મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ રૂલ્સ ૨૦૦૨ની અનુસૂચિ ૧(એ) મુજબ શ્રી બાલુભાઇ આર. કટારા, અધિક એડીશનલ રજીસ્ટ્રાર કો.ઓપરેટીવ સોસાયટીઝ, ગુજરાત રાજ્ય અને માજી સુગર ડિરેક્ટર, ગુજરાત રાજ્યની બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૨૦૨૦-૨૫ના સમયગાળા માટેની ચૂંટણી સંદર્ભે રિટર્નીંગ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. બોર્ડના ૧૨ સભ્યોની ચૂંટણી તા.૨૮-૧-૨૦૨૦ના રોજ યોજવામાં આવી હતી. નોમિનેશન માટે કુલ ૧૭ ઉમેદવારીપત્રો જારી કરવામાં આવ્યા હતા અને ઉમેદવારી પત્રો રજુ કરવાની અંતિમ તારીખ તા.૧૭-૧-૨૦૨૦ સુધીમાં ૧૭ ઉમેદવારીપત્રો મળ્યા હતા. આ ઉમેદવારી પત્રોની ચકાસણી કરતાં બે ઉમેદવારી પત્રો ગેરલાયક ઠર્યા હતા જ્યારે ૧૫ ઉમેદવારી પત્રો માન્ય રહ્યા હતા. કુલ ત્રણ ઉમેદવારોએ પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચતા બાકીના બાર (૧૨) ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

જેનું પરિણામ તા.૨૯-૦૧-૨૦૨૦ના રોજ યોજાયેલ ખાસ સાધારણ સભામાં જાહેર કરવામાં આવ્યું હતું. ચૂંટાયેલા સભ્યોના નામ નીચે પ્રમાણે છે.

| ક્રમ | ચૂંટાયેલા સભ્યોના નામ | ક્રમ | ચૂંટાયેલા સભ્યોના નામ |
|---|---|---|---|
| ૧. | શ્રી અંબરભાઇ જયંતીલાલ પટેલ | ૭. | શ્રી કિરીટભાઇ રામભાઇ પટેલ |
| ૨. | શ્રી અંબુભાઇ મગનભાઇ પટેલ | ૮. | શ્રીમતી માધવીબેન તુષારભાઇ પટેલ |
| ૩. | શ્રી બિપીનચંદ્ર રતીલાલ શાહ | ૯. | શ્રી મિનેશભાઇ જશભાઇ પટેલ |
| ૪. | ડૉ. શ્રી દિનેશભાઇ મણીભાઇ અમીન | ૧૦. | શ્રીમતી મિત્તલબેન બાબુલાલ પટેલ |
| ૫. | શ્રી હસમુખભાઇ ગોપાલભાઇ પટેલ | ૧૧. | શ્રી નવનીતભાઇ ચીમનલાલ પટેલ |
| ૬. | CA શ્રી કૌશિકભાઇ નંદુભાઇ પટેલ | ૧૨. | શ્રી શૈલેષભાઇ વાલજીભાઇ સોનારા |

અમદાવાદ.
તા.૨૯-૦૧-૨૦૨૦

બી. આર. કટારા
રિટર્નીંગ ઓફિસર

## ચેરમેનશ્રીનું નિવેદન

**માનનીય સભાસદ ભાઇઓ અને બહેનો,**

**સૌને નમસ્કાર !**

બેંકની ૫૦મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેનું સ્વાગત કરતાં હું આનંદની લાગણી અનુભવું છું. આપણી બેંકે ઐતિહાસિક યાત્રાના ૪૯ વર્ષ પૂરાં કર્યાં છે અને ૫ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સુવર્ણ જયંતી વર્ષના સીમાચિન્હ પર પહોંચી છે. સુવર્ણ જયંતી વર્ષ ઉજવણીના ભાગરૂપે બેંકે નવો લોગો પ્રસ્તુત કર્યો હતો જેમાં નીચે દર્શાવેલ સંદેશ અભિપ્રેત છે.

Kalupur Bank

૧) પ્રકાશ ફેલાવવો
૨) બે હાથ એકતા, એકબીજાને સહાય, સહયોગ અને ટીમ વર્ક દર્શાવે છે.
૩) તત્વોનો પ્રવાહ ગ્રેસ અને સુગમતા લાવે છે.
૪) તત્વોનું સ્વરૂપ **K** અને **B** જે કાલુપુર બેંકનું પ્રતિનિધિત્વ દર્શાવે છે.

મને વિશ્વાસ છે કે નવા લોગો પાછળનો સંદેશ ગ્રાહકોને પ્રેરણા આપશે સાથે સાથે બેંકના વ્યાપાર અને વિકાસ માટે ગ્રાહકો અને સભાસદો દ્વારા તેને સાચી ભાવનાથી સ્વીકારવામાં આવશે. નવો લોગો ચોક્કસપણે બેંકની શાનમાં વધારો કરશે. પાંચ દાયકાના આ સમયગાળા દરમિયાન બેંકે બેંકિંગ પ્રવૃત્તિઓના તમામ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

સને ૨૦૧૯-૨૦ દરમ્યાન આપણી બેંકનો કારોબાર રૂ।.૧૨,૭૫૫.૨૭ કરોડને આંબી ગયો છે. વર્ષ દરમ્યાન આપણી બેંકે ધિરાણમાં ૫.૧૬% તથા થાપણોમાં ૧૨.૯૪% નાં વૃદ્ધિ સાથે નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. આપણી બેંકની કામગીરીની વિસ્તૃત માહિતી બોર્ડ ઓફ ડિરેક્ટર્સના અહેવાલમાં આપવામાં આવી છે. આમ, આપણી બેંકે વિકાસની નવી ઉંચાઇઓ સર કરી ભારતભરની અર્બન સહકારી બેંકોમાં સન્માનનીય સ્થાન જાળવી રાખ્યું છે.

બેંકના સભાસદો, બોર્ડ ઓફ ડિરેક્ટર્સના નિષ્ઠાવાન સભ્યશ્રીઓ, શાખા વિકાસ સમિતિના સભ્યશ્રીઓ, શુભેચ્છકો, ગ્રાહકો અને કર્મચારીઓનું બેંકની પ્રગતિમાં અમૂલ્ય યોગદાન રહેલ છે તે બદલ હું સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. બેંકે સને ૨૦૧૯-૨૦ દરમિયાન કરેલ કામગીરીનો તથા તા.૩૧-

૦૩-૨૦૨૦ના રોજની બેંકની આર્થિક પરિસ્થિતિનો અહેવાલ રજૂ કરતાં પહેલા આપણા દેશની તથા બેંકોની વર્તમાન આર્થિક પરિસ્થિતિનો ચિતાર તથા બેંકિંગ ક્ષેત્રે આવી રહેલા ફેરફારો અંગે મારા વિચાર ટૂંકમાં રજૂ કરીશ.

## દેશની તથા બેંકોની આર્થિક પરિસ્થિતિ :

આપણને સર્વેને મળતા જાહેર સમાચારો મુજબ, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતાં અર્થતંત્રોમાંનું એક છે તથા વિશ્વના અર્થતંત્રોમાં જીડીપી (GDP) ની દૃષ્ટિએ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવેલ છે. દેશવ્યાપી COVID-19 નાં કારણે સને ૨૦૨૪-૨૫ સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાનું લક્ષ્ય કદાચ પડકારજનક સાબિત થશે.

ભારત સરકારના વર્ષ ૨૦૨૦-૨૧ ના કેન્દ્રિય બજેટમાં કૃષિ અને ગ્રામીણ વિકાસ પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે. જરૂરિયાતમંદ ખેડૂતોને મદદ કરવા માટે કૃષિ, સિંચાઇ અને તેને લગતી પ્રવૃત્તિઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. કૌશલ્ય વિકાસના માર્ગ દ્વારા શિક્ષણ ક્ષેત્રને પણ બજેટમાં ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. એકંદરે બજેટમાં ઉદ્યોગ અને વાણિજ્યના વિકાસ અને પ્રોત્સાહનને મહત્વ આપવામાં આવ્યું છે.

ડિપોઝીટ વીમા અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) દ્વારા પ્રતિ થાપણદાર ડિપોઝીટ વીમાની રકમ રૂા.૧ લાખથી વધારીને રૂા.૫ લાખ સુધીની કરવામાં આવી છે. આ બજેટમાં કો-ઓપરેટીવ સોસાયટીઝ ને ૨૨% પ્લસ ૧૦% સરચાર્જ અને ૪% સેસ પર કોઇ મુક્તિ / કપાત સિવાયનો કર ચૂકવી આપવાનો વિકલ્પ પૂરો પાડવામાં આવ્યો છે, જેના પરિણામે બેંક દ્વારા કર ચૂકવણીમાં બચત થશે. આ બજેટમાં વ્યક્તિગત આવક વેરાની ગણતરીની માટે જૂના આવકવેરાના વિકલ્પ તરીકે સરળ એવી નવી આવકવેરાની દરખાસ્ત કરવામાં આવી છે.

દેશમાં સમાવેશી વિકાસ માટે બજેટમાં નિવારક આરોગ્ય સંભાળ, નાણાંકીય સમાવેશ, ધિરાણ સહાય, પોસાય તેવા આવાસો પર ધ્યાન કેન્દ્રિત કરીને “સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ” વિઝન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું છે જે પગલા આવકાર્ય છે. ટૂંકમાં બજેટમાં દેશના તેજસ્વી વિકાસ અને વૃદ્ધિ માટેનું ધ્યેય રાખવામાં આવ્યું છે.

ભારતના તેમજ વૈશ્વિક અર્થતંત્રને COVID-19 પ્રેરિત લોકડાઉનના કારણે અર્થતંત્રના તમામ ક્ષેત્રોમાં ખાસ કરીને નાના ધંધા, એમએસએમઇ (MSME) અને અન્ય ક્ષેત્રોમાં પણ વિપરિત અસર પડી છે. મને જણાવતાં આનંદ થાય છે કે લોકડાઉનના સમયગાળા દરમિયાન બેંકે કર્મચારીઓ, ગ્રાહકો અને સભાસદોના સક્રિય સહયોગથી કોઇપણ વિક્ષેપ વિના બેંકિંગ સેવાઓ આપવાનું ચાલુ રાખ્યું છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા COVID-19 ની અસરને ઘટાડવા માટે કેટલાંક રાહત પગલાં લીધેલ છે. દા.ત. ટાર્ગેટેડ લોન્ગ-ટર્મ રેપો ઓપરેશન્સ (TLTRO), પોલીસી રેટમાં ઘટાડો અને નાણાંકીય પોલીસીનું વિસ્તરણ, મુદતી લોન અને કાર્યકારી મૂડીની પરત ચૂકવણીનું રિશિડ્યુલીંગ, કાર્યકારી મૂડી ફાઇનાન્સમાં સરળતા, સ્પેશીયલ મેન્શન એકાઉન્ટ્સ (SMA) અને નોન પર્ફોમીંગ એકાઉન્ટ (NPA) નું વર્ગીકરણ, કરજદારોને હપ્તા અને વ્યાજની ચૂકવણીમાં રાહત આપવી વગેરે. આપણી બેંક દ્વારા બધા ધિરાણદારોને કોઇપણ વહીવટી કાર્યવાહી વગર મોરેટોરીયમનો લાભ આપવામાં આવેલ છે. બેંક દ્વારા આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૧ અને ૨ નો પણ અમલ કરવામાં આવી રહ્યો છે.

આપણી બેંક RBI ના તમામ દિશાનિર્દેશોને લાગુ કરવા માટે સક્રિય પ્રયાસ કરી રહી છે અને ગ્રાહકોને તેમની બેંકિંગ આવશ્યકતાઓ માટે ટેકો આપવા પ્રતિબદ્ધ છે.

નેશનલ સ્ટેટેસ્ટીક ઓફિસ (NSO) દ્વારા જાહેર કરાયેલ અંદાજ મુજબ ભારતનો Gross Domestic Product (GDP) નો વૃદ્ધિ દર ૫% સુધી થશે એવું અનુમાન લગાવવામાં આવેલ હતું. પરંતુ Covid-19 નાં કારણે GDP પર વિપરીત અસર થઇ શકે છે.

બેંકિંગ ક્ષેત્રને એકીકૃત કરવાના દૃષ્ટિકોણથી સરકારે કેટલીક રાષ્ટ્રીયકૃત બેંકો જેવી કે ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાનું પંજાબ નેશનલ બેંકમાં જોડાણ કરીને તેમજ આંધ્ર બેંક અને કોર્પોરેશન બેંકનું યુનિયન બેંક ઓફ ઇન્ડિયામાં, સિંડિકેટ બેંકનું કેનેરા બેંકમાં જોડાણ અને અલ્હાબાદ બેંકનું ઇન્ડિયન બેંક સાથે જોડાણ કરેલ છે.

એકંદરે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ બેંકો માટે પ્રમાણમાં નબળી સ્થિતિ સાથે સમાપ્ત થયું છે. ધીમી ધિરાણ વૃદ્ધિ અને ધીમો ધિરાણ ઓફ-ટેક રેટ બેંકિંગ ઉદ્યોગ માટે સૌથી મોટો પડકાર છે. જેની અસર બેંકોની નફાકારકતા પર પડશે.

હું તેથી બધા સભ્યો અને ગ્રાહકોને અપીલ કરું છું કે આગામી દિવસોમાં ક્રેડિટ ડિપોઝીટ ગુણોત્તરમાં સુધારો કરવા માટે બેંકને ગુણવત્તાયુક્ત ધિરાણ વૃદ્ધિ પ્રાપ્ત કરવામાં સહયોગ આપશો.

## બેંકિંગ ક્ષેત્રે આવી રહેલ ફેરફાર :

આપ સર્વે જાણતાં હશો તે પ્રમાણે ફેબ્રુઆરી-૨૦૨૦ માં RBI દ્વારા છઠ્ઠી દ્વિ-માસિક નાણાંકીય નીતિ વર્ષ ૨૦૧૯-૨૦ માટે બહાર પાડવામાં આવેલ હતી જેમાં મુખ્યત્વે વર્તમાન અને વિકસતી બૃહદ Economic પરિસ્થિતિ ના આધારે RBI દ્વારા જ્યાં સુધી દેશમાં વૃદ્ધિ પુનર્જીવીત ન થાય ત્યાં સુધી “અનુકુળ વલણ” ની નીતિ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. સાથે સાથે ફુગાવાનો દર +/- ૨% ના દર સાથે ૪% રાખવાનો પ્રયાસ કર્યો છે જે વિકાસને પ્રોત્સાહન આપશે. અનુકૂળ વલણની નીતિને ટેકો આપવા માટે RBI એ વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાનના સમયગાળા દરમિયાન તેની બેંચમાર્ક નીતિ દરોમાં (Policy Rates) ઘટાડો કર્યો છે. તદ્અનુસાર રેપોરેટ ૬.૦૦% થી ઘટીને ૪.૪%, રિવર્સ રેપો રેટ ૫.૭૫% થી ઘટીને

૩.૭૫% કરવામાં આવ્યો છે. Marginal Standing Facility (માર્જીનલ સ્ટેન્ડિંગ ફેસિલીટી) અને બેંક રેટ ૬.૨૫% થી ઘટાડીને ૪.૬૫% કરેલ છે.

રેપો રેટમાં ઘટાડાના પગલાથી રિટેલ અને સંસ્થાકીય ધિરાણદારોને નીચા માસિક હપ્તા ભરવાના થશે જેના કારણે ધિરાણમાં વૃધ્ધિ થશે. આપણી બેંક દ્વારા આ પગલાની તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવી હતી અને ૧૫મી એપ્રિલ-૨૦૨૦ થી ધિરાણના વ્યાજદરોમાં ઘટાડો કરેલ છે. આ સમયગાળા દરમિયાન બેંક દ્વારા સ્ટોક-બુકડેબ્ટ સ્ટેટમેન્ટ રજૂ કરવામાં, ધિરાણ કાર્યવાહીમાં, રીન્યુઅલમાં તથા દંડનીય વ્યાજમાં પણ સુગમતા કરી આપેલ છે.

## <u>અર્બન કો-ઓપરેટીવ બેંકિંગ ક્ષેત્રમાં ફેરફાર :-</u>

વર્ષ દરમિયાન અર્બન કો-ઓપરેટીવ બેંકિંગ ક્ષેત્રે વિકાસ થયો છે તેમજ સિસ્ટમ અને પ્રક્રિયામાં ફેરફાર આવ્યો છે જે અર્બન કો-ઓપરેટીવ બેંકની કામગીરીને મજબૂત બનાવવામાં ચોક્કસ પણે ફાળો આપશે.

## મુખ્ય ફેરફારો આ મુજબ છે.

**૧) બોર્ડ ઓફ મેનેજમેન્ટ**

બોર્ડ ઓફ મેનેજમેન્ટની માર્ગદર્શિકા મુજબ જે પ્રાયમરી અર્બન કો-ઓપરેટીવ બેંકો (UCB) ની ડીપોઝીટ રૂા.૧૦૦ કરોડથી વધારે હોય અને જેઓ તેમનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કરવા માગતા હોય અથવા નવી શાખાઓ ખોલવા માગતા હોય તેવી બેંકોએ ફરજિયાત પણે બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવાની રહેશે.

**૨) વ્યાપક સાયબર સિક્યુરીટી ફ્રેમવર્ક**

બેંકિંગ ક્ષેત્રે, ટેકનોલોજી તથા ડીજીટલ ચેનલોના વધતા જતા વપરાશને કારણે, Cyber Frauds વધ્યા છે. આ સંદર્ભમાં Cyber સુરક્ષા વધારવાના હેતુથી RBI દ્વારા અર્બન કો-ઓપ. બેંકો માટે કોમ્પ્રિહેન્સિવ સાયબર સિક્યુરીટી અંગેનો પરિપત્ર બહાર પાડેલ છે. સદરહુ ફ્રેમવર્કને એક ગ્રેડેડ અભિગમ પર ઘડવામાં આવેલ છે અને ચુકવણી સિસ્ટમનો ડિજિટલ ઉંડાઇ અને એકબીજા સાથે સંકળાયેલી પધ્ધતિ જેવા ચાર સ્તરોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં બેંકોએ કેટલાક વહીવટી તથા નિયંત્રણ સંબંધી પગલાં ભરવાં પડશે.

**૩) Central Repository of Information on Large Credits (CRILC)**

આ માર્ગદર્શિકા અનુસાર જે બેંકોની અગાઉની નાણાંકીય વર્ષની તા.૩૧ માર્ચના રોજ અસ્ક્યામતો રૂા.૫૦૦ કરોડથી વધારે હોય તેમણે તેમના રૂા.૫ કરોડથી વધારે લિમિટ ધરાવતા ખાતેદારોને એસએમએ (SMA) મુજબ વર્ગીકૃત કરવા પડશે અને આવા ખાતા ધારકોની માહિતી રિઝર્વ બેંક દ્વારા રખાતી સેન્ટ્રલ રીપોઝીટરીમાં જણાવવી પડશે.

**૪) સિંગલ / ગ્રુપ ધિરાણદારોના એક્સપોઝર નિયમમાં ફેરફાર બાબત**

અર્બન કો-ઓપ. બેંકમાં એકાગ્રતાના જોખમને ઘટાડવા માટે તથા નાણાંકીય સમાવેશને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે સિંગલ તથા ગ્રુપ એક્સપોઝરની વ્યાખ્યા સુધારવામાં આવી છે. સદરહુ લિમિટ જે પહેલા કેપિટલ ફંડના ૧૫% અને ૪૦% હતી તે હવે ટાયર-૧ કેપિટલના ૧૫% અને ૨૫% રહેશે.

**૫) પ્રાયોરિટી સેક્ટરમાં સુધારા બાબત**

પ્રાથમિકતા પાત્ર ક્ષેત્રોના ધિરાણના લક્ષ્યાંકમાં વધારો કરવામાં આવેલ છે જેમ કે અત્યારના ANBC ૪૦% ની જગ્યાએ ANBC અથવા CEOBSEC (ક્રેડીટ ઇક્વીવેલેન્ટ ઓફ બેલેન્સશીટ એક્સપોઝર)ના ૭૫% કરવામાં આવેલ છે જે લક્ષ્યાંક તા. ૩૧-૩-૨૦૨૪ સુધીમાં તબક્કાવાર રીતે પુરો કરવાનો રહેશે. તદ્ઉપરાંત રૂા.૧ કરોડની મર્યાદામાં ૫૦% જેટલી લોન રૂા.૨૫/- લાખથી વધારે ન હોવી જોઇએ.

ઉપરોક્ત માર્ગદર્શિકાના પાલન માટે બેંક જરૂરી પગલા ભરી રહી છે.

COVID-19 મહામારીના અંતના આશાવાદ સાથે, એકંદરે ભારતીય અર્થતંત્રનું તથા બેંકિંગ ક્ષેત્રનું ભાવિ આશાસ્પદ જણાય છે. આપણી બેંકના બધા જ કર્મચારીઓ બેંકના સર્વાંગી વિકાસ તથા તેજસ્વી ભવિષ્ય માટે સતત કાર્યશીલ રહેશે તેનો મને વિશ્વાસ છે.

આપણે સૌ સભ્યો, ગ્રાહકો અને કર્મચારીઓના સહકારથી બેંકની સુવર્ણ જયંતી આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવીશું જે રીતે આપ સૌએ બેંકની ૫૦ વર્ષની વિકાસ યાત્રામાં અમૂલ્ય યોગદાન આપેલ છે તે જ રીતે આપ સૌ બેંકને નવા શિખરો સર કરવા મદદરૂપ બનો તેવી અમે આપ સૌને વિનંતી કરીએ છીએ.

છેલ્લા ૪૯ વર્ષોથી તમે બધાએ જે રીતે આપણી બેંકના વિકાસમાં સહયોગ આપ્યો છે, તે જ રીતે, આવનારા દિવસોમાં આપણી બેંક નવા લક્ષ્યાંકો હાંસલ કરી વધુ વિકાસના માર્ગ પર પ્રશસ્ત થાય તે માટે પુન: આપ સૌના સહકાર માટે વિનંતી કરું છું.

અંતમાં મારા વતી તથા બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી હું આપ સૌનો આભાર માનું છું.

જય સહકાર, જય ભારત

**નવનીતભાઈ સી.પટેલ**

ચેરમેન

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો અહેવાલ :- ૨૦૧૯-૨૦૨૦

માનનીય સભાસદ ભાઇઓ અને બહેનો,

આપણી બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, તા.૩૧-૩-૨૦૨૦ના રોજ પૂરા થયેલા વર્ષ ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો, સ્ટેચ્યુટરી ઓડિટર્સના ઓડિટ રિપોર્ટ તથા બેંકે વર્ષ દરમ્યાન કરેલી પ્રગતિ અને કામગીરીનો ૫૦મો અહેવાલ આપ સમક્ષ રજૂ કરીને આપ સર્વેને બેંકની વાર્ષિક સાધારણ સભામાં આવકારતાં ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે.

### વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન બેંકનો કુલ કારોબાર રૂા.૧૨૭૫૫.૨૭ કરોડ :

વર્ષ દરમિયાન આપણી બેંકે, થાપણ, ધિરાણ તેમજ નફાકારકતા ક્ષેત્રે સંતોષકારક કામગીરી કરી છે. બેંકનો કુલ કારોબાર વર્ષ ૨૦૧૯-૨૦ ના અંતે રૂા.૧૨૭૫૫.૨૭ કરોડે પહોંચ્યો છે.

બેંકની ૫૯ શાખાઓ પૈકી ૪૧ શાખાઓ વર્ષાંતે રૂા.૧૦૦/- કરોડના કારોબારને આંબી ગઇ છે. જે પૈકી ૨૩ શાખાઓએ રૂા.૨૦૦/- કરોડથી વધારે કારોબાર કર્યો છે. ૨૮ શાખાઓ એવી છે કે જેમની રૂા.૧૦૦/- કરોડથી વધુ રકમની થાપણો છે અને નવ શાખાઓએ રૂા.૧૦૦/- કરોડથી વધુ રકમનું ધિરાણ કરેલ છે. આશ્રમરોડ શાખા રૂા.૯૧૨.૩૫ કરોડની થાપણો સાથે પ્રથમ નંબરે છે. જ્યારે એસ.એમ.ઇ. એન્ડ મીડ કોર્પોરેટ શાખા રૂા.૯૩૪.૯૯ કરોડના ધિરાણ સાથે પ્રથમ નંબરે છે.

આ તમામ શાખાઓના અધિકારીઓ અને કર્મચારીઓને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અભિનંદન પાઠવે છે.

**બેંકના પ્રગતિસૂચક આંકડા :** (રૂા. કરોડમાં)

| માપદંડ | વર્ષ ૨૦૧૮–૧૯ | વર્ષ ૨૦૧૯–૨૦ | વધારો/ઘટાડો (%) |
|---|---|---|---|
| શેર કેપિટલ | ૯૧.૫૫ | ૯૪.૪૫ | (+) ૩.૧૭% |
| સભાસદ સંખ્યા | ૫૩૭૦૯ | ૫૬૬૫૭ | (+) ૫.૪૯% |
| અનામત ભંડોળ | ૧૨૪૪.૭૯ | ૧૩૫૧.૯૫ | (+) ૮.૬૧% |
| થાપણો | ૬૯૩૯.૩૫ | ૭૮૩૭.૦૩ | (+) ૧૨.૯૪% |
| ધિરાણો | ૪૬૭૬.૮૦ | ૪૯૧૮.૨૪ | (+) ૫.૧૬% |
| રોકાણો (ગર્વ.સિક્યુ.અને બેંક થાપણો સાથે) | ૩૨૩૯.૫૪ | ૪૨૮૦.૧૦ | (+) ૩૨.૧૨% |
| વર્કીંગ કેપિટલ | ૮૬૫૨.૩૪ | ૯૮૯૦.૪૨ | (+) ૧૪.૩૧% |
| ચોખ્ખો નફો | ૧૨૨.૭૨ | ૧૨૮.૫૦ | (+) ૪.૭૧% |
| કુલ આવક | ૭૧૩.૬૧ | ૮૫૪.૫૮ | (+) ૧૯.૭૫% |
| કુલ ખર્ચ | ૪૯૭.૨૮ | ૬૪૪.૮૭ | (+) ૨૯.૬૮% |
| ક્રેડીટ/ડિપોઝીટ રેશિયો | ૬૭.૪૦% | ૬૨.૭૬% | (–) ૬.૮૮% |
| સી.આર.એ.આર. | ૧૬.૬૭% | ૧૭.૬૦% | (+) ૫.૫૮% |
| ગ્રોસ એન.પી.એ. | ૧૩૭.૫૯ (૨.૯૪%) | ૭૫.૪૧ (૧.૫૩%) | (–) ૪૫.૧૮% |
| નેટ એન.પી.એ. | ૦.૦૦% | ૦.૦૦% | – |

**<u>શેર કેપિટલ, કુલ ભંડોળ અને મૂડી પર્યાપ્તતા :</u>**

બેંકની રૂ.૧૨૫ કરોડની અધિકૃત શેર કેપિટલ સામે ભરપાઇ થયેલી શેર કેપિટલ વર્ષાંતે રૂ.૯૪.૪૫ કરોડ છે જે અગાઉના વર્ષ કરતાં ૩.૧૭% વધારે છે જ્યારે સભાસદોની સંખ્યા ૫૩૭૦૯ થી વધીને તા.૩૧-૩-૨૦૨૦ના રોજ ૫૬૬૫૭ થઇ છે.

બેંકનું અનામત ભંડોળ અગાઉના વર્ષ કરતાં ૮.૬૧% જેટલું વધીને રૂ.૧૩૫૧.૯૫ કરોડે પહોંચ્યું છે અને બેંકનો મૂડી પર્યાપ્તતા ગુણોત્તર (સી.આર.એ.આર) ૧૭.૬૦% થયો છે. આપ સર્વે જરૂરથી સંમત થશો કેમકે આ ગુણોત્તર રિઝર્વ બેંક દ્વારા અપેક્ષિત ૯% ના ગુણોત્તરની સરખામણીએ ઘણો જ સંતોષજનક છે.

આમ, શેરમૂડીમાં સતત વૃદ્ધિ, બેંકનું સમૃદ્ધ અનામત ભંડોળ અને તેમાં ઉત્તરોત્તર વધારો તેમજ તંદુરસ્ત મૂડી પર્યાપ્તતા ગુણોત્તર, બેંકના કાર્યક્ષમ વહીવટની સાક્ષી પૂરે છે. બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અનામત ભંડોળના કાર્યશીલ ઉપયોગ વિષે સભાન છે.

**<u>થાપણો : કુલ થાપણો વધીને રૂ.૭૮૩૭.૦૩ કરોડ ૧૨.૯૪% નો વધારો :</u>**

વર્ષાંતે આપણી બેંકની થાપણો, ગત વર્ષની સરખામણીએ ૧૨.૯૪% ના વધારા સાથે રૂ.૭૮૩૭.૦૩ કરોડે પહોંચી છે. વર્ષ દરમિયાન, બેંકે થાપણો પરના વ્યાજ દરમાં જરૂરિયાત પ્રમાણે વખતો વખત ફેરફાર કરેલ છે.

બેંકની CASA થાપણો, વર્ષાંતે રૂ.૨૩૭૫.૨૦ કરોડ છે; જે કુલ થાપણોના ૩૦.૩૧% જેટલી છે. આપ સૌ જાણો છો કે બેંકની નફાકારકતામાં વૃદ્ધિ CASA થાપણો પર જ આધારિત છે. એટલે આ થાપણો વધારવા બોર્ડ અને સ્ટાફ સતત પ્રયત્નશીલ છે.

વર્ષ-૨૦૧૯-૨૦ દરમિયાન,બેંકમાં ૩૭૦૫૧ નવાં બચત ખાતા અને ૩૩૬૧ નવાં ચાલુ ખાતા ખોલવામાં આવ્યાં છે. બેંક દ્વારા, પ્રિમિયમ અને પ્રિવીલેજ તથા સ્પેશ્યલ પ્રકારનાં બચત/ચાલુ ખાતાઓમાં ગ્રાહકોને સેવાદરમાં વિશેષ રાહત આપવામાં આવે છે.

બેંક મોબાઇલ બેંકિંગ સેવા, ઇન્ટરનેટ બેંકિંગ સેવા, નિ:શુલ્ક ડેબિટ કાર્ડ, કેન્દ્ર સરકારની વિવિધ વીમા યોજનાઓ તેમજ અન્ય ટેકનોલોજી સપોર્ટેડ સેવાઓ આપે છે જેથી વધુને વધુ ગ્રાહકો બેંક સાથે જોડાઇ રહ્યા છે. બેંક શ્રેષ્ઠ સ્તરની ગ્રાહક સેવાને ખૂબ જ પ્રાધાન્ય આપે છે. બેંકના તમામ સભાસદો અને શુભેચ્છકો બેંકના ગ્રાહક વર્ગમાં વધારો કરવા સહકાર આપે તેવી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વિનંતી કરે છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સૂચના અનુસાર, બેંકની થાપણો પર ડિપોઝીટ ઇન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશનને **(DICGC)** ચૂકવવાપાત્ર થતું પ્રિમિયમ, બેંક દ્વારા નિયમિત રીતે ચૂકવવામાં આવે છે.

**<u>ધિરાણો : કુલ ધિરાણ રૂ.૪૯૧૮.૨૪ કરોડ – ૫.૧૬%નો વધારો :</u>**

વર્ષાંતે આપણી બેંકનું કુલ ધિરાણ,ગત વર્ષની સરખામણીએ ૫.૧૬% ના વધારા સાથે રૂ.૪૯૧૮.૨૪ કરોડે પહોંચ્યું છે. આ વધારો જાહેર ક્ષેત્રની બેંકોના વૃદ્ધિદર ૪.૨% ને ધ્યાનમાં લેતા નોંધપાત્ર રહ્યો છે. એલ.સી. બિલ્સ ડિસ્કાઉન્ટીંગ પ્રકારના ધિરાણમાં રહેલ જોખમ તથા ઓછા વળતરને ધ્યાનમાં રાખીને આ ટૂંકા ગાળા પ્રકારના ધિરાણની જગ્યાએ, રેગ્યુલર પ્રકારના ધિરાણને વર્ષ દરમિયાન અગ્રિમતા આપવામાં આવેલ છે. બેંકની એમ.એસ.એમ.ઇ. (MSME) અને નિકાસ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. રિટેલ ધિરાણના કિસ્સામાં પણ એજ્યુકેશન લોન, હાઉસીંગ લોન, કાર લોન, વગેરેમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળેલ છે. એકંદરે બેંક અગત્યના ધિરાણ પોર્ટફોલિયાના વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

તદ્દઉપરાંત બેંકે ધિરાણ વધારવાના હેતુથી તા.૧૫-૧૦-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૦ ના સમયગાળા માટે “ગોલ્ડન જ્યુબિલી વેલકમ સ્કિમ” શરૂ કરેલ. જેના પ્રતિસાદ રૂપે ૪૧ નવા લોન ખાતા ખૂલ્યા છે. જેના લીધે ધિરાણોમાં રૂ.૮૦.૬૯ કરોડનો નોંધપાત્ર વધારો થયો છે. નવા પ્રાયોરીટી સેક્ટર ધિરાણો વધારવાના ભાગરૂપે ઉપરોક્ત સ્કિમ તા.૩૧-૦૩-૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે.

બેંકનો ક્રેડિટ ડીપોઝીટ ગુણોત્તર જે અગાઉના વર્ષમાં ૬૭.૪૦% હતો તે ઘટીને ૬૨.૭૬% જેટલો થયો છે, બેંકના ક્રેડિટ ડિપોઝીટ ગુણોત્તર ઘટવાનું મુખ્ય કારણ એલ.સી.બિલ્સના ધંધા કરતા મુખ્ય ધંધા (Core Business) તરફનું ધ્યાન તથા COVID-19 ની અસર છે. આપણી બેંક દ્વારા રિટેલ ધિરાણ ક્ષેત્રે હાઉસીંગ,

એજ્યુકેશન અને કાર લોન માટે ખૂબ જ સ્પર્ધાત્મક દરે ધિરાણ આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન બેંકને ધિરાણમાં મધ્યમ વૃદ્ધિ થવાની અપેક્ષા છે.

બેંક દ્વારા થતા તમામ પ્રકારના ધિરાણોમાં ખૂબ જ સ્પર્ધાત્મક વ્યાજ દરો રાખવામાં આવ્યા છે જેનો લાભ ઘણા બધા ગ્રાહકોને મળે છે. આપણા દેશમાં MSME ક્ષેત્ર આર્થિક વિકાસમાં અને રોજગારી સર્જનમાં ઘણું જ યોગદાન આપે છે. એટલે MSME ક્ષેત્રે ધિરાણમાં વૃદ્ધિ થતી રહે તે માટે બેંક દ્વારા આ ક્ષેત્રના ઉદ્યોગકારોની ખાસ મિટીંગો યોજવામાં આવે છે. તદ્ઉપરાંત Agro Based ઉદ્યોગકારોને ખાસ દરે ધિરાણ આપવામાં આવે છે. બેંક દ્વારા હાઉસીંગ ધિરાણ પણ ખૂબ જ સ્પર્ધાત્મક દરે અપાય છે. આ સિવાય તમામ પ્રકારનાં રિટેલ ધિરાણ પણ બેંકિંગ ઉદ્યોગક્ષેત્રે પ્રવર્તમાન વ્યાજદરોની તુલનામાં ખૂબ જ આકર્ષક વ્યાજ દરે અપાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી દાખલ કરાયેલી ક્રેડિટ રેટિંગ પ્રથા અંતર્ગત, ઉંચુ ક્રેડિટ રેટિંગ ધરાવતા ગ્રાહકોને વ્યાજદરમાં વિશેષ રાહત આપવામાં આવે છે. આ યોજનામાં કેટલાક સુધારા કરી તેને વધુ ગ્રાહકોપયોગી બનાવવામાં આવી રહી છે. વધુમાં આપણી બેંક દ્વારા ઇસ્યૂ કરવામાં આવતી બેંક ગેરંટી, ગુજરાત ગર્વમેન્ટના તમામ વિભાગો, બોર્ડ, કોર્પોરેશન, સોસાયટી તેમજ ઘણાં પબ્લીક સેક્ટર અન્ડર ટેકીંગ છેલ્લાં ઘણાં વર્ષોથી માન્ય રાખે છે.

આમ બેંક દ્વારા ગુણવત્તાયુક્ત ધિરાણ વૃદ્ધિ માટે સઘન પ્રયાસો ચાલુ જ રહેશે. બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ આ કામગીરી કરતા સર્વે કર્મચારીઓને અભિનંદન પાઠવે છે.

## પ્રાયોરીટી સેક્ટરનું ધિરાણ :

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સૂચના પ્રમાણે, બેંકોએ તેમની એડજસ્ટેડ નેટ બેંક ક્રેડિટના ૪૦% જેટલું ધિરાણ પ્રાયોરિટી સેક્ટરમાં અને તે પૈકી ૧૦% ધિરાણ નબળા વર્ગોને અને ૭.૫૦% ધિરાણ માઇક્રો એન્ટરપ્રાઇઝ ને કરવાનું હોય છે. પ્રાથમિકતા પાત્ર ધિરાણના પ્રમાણપત્રો ખરીદ અને વેચાણ કર્યા પછી ૨૦૧૯-૨૦૨૦ના ચાર ત્રિમાસિક ગાળા દરમિયાન સરેરાશ પ્રાયોરીટી ક્ષેત્રનું ધિરાણ ૪૨.૬૩% જેટલું છે.

વર્ષાંતે ચાર ત્રિમાસિક ગાળા દરમિયાન સરેરાશ નબળા વર્ગોને થયેલું ધિરાણ ૧૦.૭૧% છે, જે અગાઉના વર્ષે ૮.૩૯% હતું.

માઇક્રો એન્ટરપ્રાઇઝ ધિરાણ ૭.૫૦% ના લક્ષ્યાંક સામે ૮.૧૦% છે. તેવી જ રીતે બેંકે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અગ્રતા ક્ષેત્રના તમામ લક્ષ્યાંકો અને પેટા-લક્ષ્યાંકો પ્રાપ્ત કર્યા છે. નબળા વર્ગ તેમજ માઇક્રો એન્ટરપ્રાઇઝમાં ધિરાણ વધારવા માટે બેંક નિષ્ઠાવાન પ્રયાસો કરી રહી છે. બેંકનું માઇક્રો ક્રેડિટ ધિરાણ રૂ.૮.૧૯ કરોડ છે. માઇક્રો ક્રેડિટ ધિરાણનો વ્યાપ વધારવા માટે હવેથી બેંકની બધી જ શાખાઓ આ પ્રકારનું ધિરાણ કરી રહી છે.

સમાજના નબળા વર્ગોને ઘર આંગણે બેંકિંગ સેવાઓ પુરી પાડવા માટે બેંકે મોબાઇલ વાનની સેવા શરૂ કરેલ છે. આ મોબાઇલ વાન અમદાવાદમાં જુદા જુદા વિસ્તારો જેવા કે મજુરગામ, ગૌતમનગર ચાર રસ્તા (ફકીર મુખીની ચાલી), દાણીલીમડા, આબાદનગર, સેવા સદન, હીરાવાડી, બાપા સિતારામ ચોક, ખોડિયાર મંદિર, નિકોલ, રામનગર અને ઉત્તમનગર જેવા ગરીબ/મધ્યમવર્ગ ધરાવતાં વિસ્તારોમાં બેંકિંગ સુવિધા પુરી પાડે છે.

## MSME ક્ષેત્રનું ધિરાણ :

આપણા દેશમાં MSME ક્ષેત્રની રોજગારી વધારવાની ક્ષમતાને ધ્યાનમાં લઇ, આ ક્ષેત્રના વિકાસ માટે ધિરાણ વૃદ્ધિને સરકાર અને રિઝર્વ બેંક દ્વારા અગ્રિમતા આપવામાં આવે છે. આપણી બેંક પણ આ ક્ષેત્રમાં વધુને વધુ ધિરાણ થાય તે માટે શક્ય બધા જ પ્રયાસ કરે છે. આપણી ઘણી શાખાઓ ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલી છે, જે MSME એકમોને ધિરાણ આપે છે. એમ.એસ.એમ.ઇ. ક્ષેત્રમાં ધિરાણને પ્રાધાન્ય આપવા માટે બેંકે કલ્સ્ટર આધારિત યોજનાઓ બનાવેલ છે. જેમ કે ટેક્ષટાઇલ કલ્સ્ટર, પ્રિન્ટીંગ કલ્સ્ટર, એગ્રો આધારિત કલ્સ્ટર, કોટન જીનીંગ કલ્સ્ટર વગેરે. તા.૩૧-૩-૨૦૨૦ના રોજ આ ક્ષેત્રોમાં બેંકનું કુલ ધિરાણ રૂ.૧,૭૨૨/- કરોડ સુધી પહોંચ્યું છે.

એમ.એસ.એમ.ઇ. (MSME) ડેવલપમેન્ટ એક્ટ ૨૦૦૬ના અમલના ૧૪ વર્ષ પછી કેન્દ્રીય કેબિનેટે એમએસએમઇની વ્યાખ્યામાં સુધારાને મંજૂરી આપી છે તે અન્વયે નવી વ્યાખ્યા મુજબ માઇક્રો મેન્યુફેક્ચરીંગ અને સર્વિસીસ એકમ તરીકે માન્યતા મેળવવાની રકમ રૂ.૧ કરોડનું રોકાણ અને રૂ.૫ કરોડનું ટર્નઓવર એવા માપદંડો નક્કી કર્યા છે. સ્મોલ યુનિટ નક્કી કરવાના માપદંડની રકમ વધારીને રૂ.૧૦ કરોડનું રોકાણ અને રૂ.૫૦ કરોડનું ટર્નઓવર કરેલ છે તેજ રીતે

મીડીયમ યુનિટના માપદંડની રકમમાં વધારો કરી રૂા.૫૦ કરોડનું રોકાણ અને રૂા.૨૫૦ કરોડનું ટર્નઓવર કરેલ છે.

આ ક્ષેત્રમાં ધિરાણ વૃધ્ધિ થાય તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવે છે અને શાખાઓમાં કસ્ટમર મીટીંગનું આયોજન કરવામાં આવે છે અને આમાંથી જે સૂચનો મળે તેનો અભ્યાસ કરવામાં આવે છે અને ત્યારબાદ તેનો યોગ્ય અમલ કરવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે આપણી બેંકનું નામ CGTMSE માં મેમ્બર લેડિંગ ઇન્સ્ટીટ્યુટ (MLI) તરીકે નોંધાયેલ છે. ફક્ત પાંચ UCBs એમ.એલ.આઇ. (MLI) તરીકે રજીસ્ટર્ડ છે જેમાંની એક આપણી બેંક છે.

## માઇક્રો ક્રેડિટ–મહિલા સશક્તિકરણ :

ભારત સરકારની રાષ્ટ્રીય નીતિ અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના માર્ગદર્શન પ્રમાણે આપણી બેંક મહિલાઓને માઇક્રો ક્રેડિટ માટે ઉત્તેજન આપી રહી છે. બેંકના અન્ય ધિરાણોની જેમ આવા માઇક્રો ક્રેડિટના ધિરાણને વેગ આપવા તથા તેના પધ્ધતિસર આયોજન અને સુપરવિઝન માટે બેંકમાં અલગ ડીવીઝન ઉભું કરવામાં આવ્યું છે. માઇક્રો ક્રેડિટના મુખ્ય લાભાર્થીઓ મહિલાઓ છે. આવા ધિરાણની સહાયથી રોજગારી મેળવી તેમના પરિવારને સહાયરૂપ બને છે. આવા ધિરાણથી મહિલાઓની આર્થિક સ્થિતિ મજબૂત બની રહી છે. અને તેમનામાં બેંકિંગ વ્યવહારોની સમજ પણ આવવા લાગી છે. બેંકના આ પ્રયાસોથી મહિલા સશક્તિકરણ પ્રવૃત્તિને વેગ મળી રહ્યો છે. બેંકે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન એકંદરે ૨૩૧૮ મહિલાઓને રૂા.૬.૮૭ કરોડનું ધિરાણ કર્યું છે.

આ કામકાજમાં રોકાયેલા બેંકના અધિકારીઓ કર્મચારીઓ અને ફિલ્ડવર્કર બહેનોને બોર્ડ અભિનંદન આપે છે.

## નોન પરફોર્મીંગ એસેટ્સ (NPA) ગ્રોસ એન.પી.એ. ૧.૫૩% નેટ એન.પી.એ. ૦.૦૦% :

સમગ્ર ભારતનો બેંકિંગ ઉદ્યોગ વધતી જતી નોન પરફોર્મીંગ એસેટ્સની સમસ્યાનો તીવ્ર સામનો કરી રહ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦ ના અંતે આપણી બેંકની ગ્રોસ NPA રૂા.૭૫.૪૧ કરોડ રહી છે. જે કુલ ધિરાણના માત્ર ૧.૫૩% છે. NPA ની આ રકમમાં આપણી બેંકમાં મર્જ થયેલી બેંકોની NPA નો પણ સમાવેશ થાય છે. આપણી બેંક દ્વારા રૂા.૭૬.૧૬ કરોડની રીકવરી વર્ષ દરમિયાન કરવામાં આવી, પરિણામે ગ્રોસ NPA રૂા.૧૩૭.૫૯ કરોડ (વર્ષ ૨૦૧૮-૧૯) થી ઘટીને વર્ષ ૨૦૧૯-૨૦ના અંતે રૂા.૭૫.૪૧ કરોડ થયેલ છે જે ટકાવારીની દૃષ્ટિએ NPA ધિરાણ ૨.૯૪% થી ઘટીને માત્ર ૧.૫૩% છે.

બેંકનાં સ્ટાન્ડર્ડ ધિરાણ તેમજ એન.પી.એ. ધિરાણ સામે, રિઝર્વ બેંકના નિયમાનુસાર, રૂા.૯૪.૧૬ કરોડની જોગવાઇ કરવાની જરૂર છે. જેની સામે આપણી બેંક દ્વારા રૂા.૨૦૬.૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલી હોવાથી, બેંકની નેટ એન.પી.એ. અગાઉના ઘણાં વર્ષોની જેમ શૂન્ય ટકાએ જળવાઇ રહ્યા છે. જો કે, COVID-19 ની ક્રેડિટ પોર્ટફોલિયો પર વિપરીત અસર થઇ શકે છે અને શક્ય છે કે આગામી નાણાંકીય વર્ષ દરમિયાન NPA વધી શકે છે.

બેંકમાં એન.પી.એ. થયેલ ખાતાઓ પૈકીના કુલ ૧૦૪ ખાતાઓમાં, વર્ષ દરમિયાન વસૂલાતની સમગ્ર પ્રક્રિયા પૂરી કર્યા બાદ, મુદ્દલ, નહીં ઉધારેલ વ્યાજ, દંડનીય વ્યાજ તથા અન્ય ખર્ચાઓમાં રાહત આપી, આ તમામ ખાતાઓ માંડી વાળવાનું તથા કુલ એક ખાતામાં, ચાર્જ ઓફ કરવાનું બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ઠરાવ્યું છે. આ ખાતાઓ પૈકી ૩૬ ખાતાઓમાં, માંડી વાળવાની રકમમાં રૂા.૩૮.૦૩ લાખની મુદ્દલ રકમનો પણ સમાવેશ થાય છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સને મળેલી સત્તાની રૂએ, બોર્ડે આ નિર્ણય કર્યો છે, જેને બહાલી આપવા બોર્ડ આ સભાને વિનંતી કરે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન પણ આવાં ખાતાઓને માંડવાળ કરવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સત્તા આપવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ આ સભાને ભલામણ કરે છે જેને મંજૂરી આપવા વિનંતી છે.

## રાઇટ ઓફ કરેલાં ખાતાઓમાં રિકવરી અંગે :

બેંકમાં એન.પી.એ. થયેલા કેટલાક ખાતાઓમાં વસૂલાતની બિલકુલ શક્યતા ન લાગતાં, ભૂતકાળમાં દર વર્ષે થોડાક ખાતાં, વાર્ષિક સાધારણ સભાની મંજૂરીથી પ્રુડેન્શીયલી રાઇટ ઓફ કરવામાં આવતા હતાં. આ રીતે રાઇટ ઓફ કરેલા તમામ ખાતાઓને, સાધારણ સભાની મંજૂરી લઇને, વર્ષ ૨૦૧૩-૧૪ ના અંતે ખરેખર રાઇટ ઓફ કરી દેવામાં આવ્યાં હતા. પરંતુ આવા ખાતાઓમાં વસૂલાતની અગાઉની જેમ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે. જેને પરિણામે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન રૂા.૧૪.૦૨ લાખની વસૂલાત કરવામાં આવી છે. બેંકના રિકવરી વિભાગની આ કામગીરીને બોર્ડ ધન્યવાદ આપે છે.

## બેંકના ડિરેક્ટર્સને ધિરાણ :

આપણી બેંકમાં કોઇ પણ ડિરેક્ટરને કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા વ્યાખ્યાયિત તેમનાં સગાં સંબંધીને, તેમણે પોતે આપણી બેંકમાં મૂકેલ બાંધીમુદતની થાપણો પર અપાતા ધિરાણ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનું ધિરાણ આપવામાં આવતું નથી અને તે રીતે બેંક દ્વારા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના આદેશનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે.

## રોકાણો : રૂ.૪૨૮૦.૧૦ કરોડ

વર્ષ ૨૦૧૮-૧૯ ના અંતે આપણી બેંકનાં કુલ રોકાણ રૂ.૩૨૩૯.૫૪ કરોડ હતાં, જે વર્ષ ૨૦૧૯-૨૦ ના અંતે વધીને રૂ.૪૨૮૦.૧૦ કરોડ થયાં છે. આ રોકાણોમાં SLR કેટેગરીનાં રૂ.૨૦૫૨.૬૦ કરોડનાં, Non SLR કેટેગરીનાં રૂ.૬૮૯.૨૭ કરોડનાં તથા અન્ય બેંકોમાં મૂકેલી રૂ.૧૩૪૧.૨૩ કરોડની થાપણો છે. બેંક દ્વારા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના કોલ મની/TREPS, Non SLR અને બેંક રોકાણની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે. રિવર્સ રેપો લેન્ડીંગ રૂ.૧૯૭ કરોડનો સમાવેશ થાય છે. RBI માંથી LTRO દ્વારા આપણી બેંકનું બોરોઇંગ રૂ.૧૪૮ કરોડ છે. બેંકનું ઇન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીએશન રિઝર્વ રૂ.૨૭ કરોડ છે તથા ઇન્વેસ્ટમેન્ટ ફ્લક્ચ્યુએશન રિઝર્વ (IFR) રૂ.૩૯.૬૮ કરોડ છે; જે રોકાણ સામેના સંભવિત જોખમોનો સામનો કરવા પૂરતું છે. બેંકનું નોન પરફોર્મીંગ Non-SLR રોકાણ શૂન્ય છે.

બેંકને રોકાણ ઉપર સરેરાશ રૂ.૭.૮૦% નું વળતર મળેલ છે. આ વર્ષે ગવર્મેન્ટ સિક્યોરીટીઝના ખરીદ-વેચાણ દ્વારા બેંકે રૂ.૮.૧૫ કરોડનો નફો કરેલ છે. બેંકના તમામ રોકાણ ખૂબ જ સલામત રહે તે માટે બેંક દ્વારા જરૂરી કાળજી લેવામાં આવે છે અને રિઝર્વ બેંકના દિશા નિર્દેશોનું સંપૂર્ણ પાલન કરવામાં આવે છે.

## જોખમ પ્રબંધન :- (રીસ્ક મેનેજમેન્ટ)

વર્તમાન સમયમાં, બેંકિંગ કામકાજ પ્રણાલિકાઓમાં ખૂબ જ ઝડપથી પરિવર્તન થઇ રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા પણ બેંકોને તેમની રોજબરોજની કામગીરીમાં ઘણી જ સ્વાયત્તતા આપવામાં આવી છે એટલે બેંકોમાં જોખમ પ્રબંધનની જરૂરિયાત વધી ગઇ છે. બેંકોને મુખ્યત્વે પરિચાલન જોખમ (ઓપરેશન રીસ્ક), ધિરાણનું જોખમ (ક્રેડીટ રીસ્ક) તેમજ બજારના જોખમ (માર્કેટ રીસ્ક)નો સામનો કરવો પડે છે. આ બધાં જ જોખમોનો સામનો કરવા આપણી બેંક દ્વારા તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. બજારના જોખમનો અભ્યાસ કરી સમયસર નિર્ણય લેવા, બેંકમાં ઇન્વેસ્ટમેન્ટ કમિટિની રચના કરાઇ છે, જે સમયાંતરે મળી યોગ્ય નિર્ણયો લે છે. ધિરાણ અંગેના જોખમોને નિયંત્રિત કરવા ઓડિટ, ઇન્સ્પેક્શન, ધિરાણની મંજૂરી અંગે વિકેન્દ્રીત સત્તા, એક્સપોઝર સિલીંગનું નિર્ધારણ અને મોનિટરીંગ/ઇન્સ્પેક્શન, ક્રેડિટ રેટિંગ જેવી વ્યવસ્થા અમલમાં છે. આપણી બેંક ફોરેન એક્સચેન્જનું કામકાજ કરવા એ.ડી. કેટેગરી-૧ પ્રકારનું લાયસન્સ ધરાવતી હોવાથી, કન્ટ્રી રિસ્કનો પણ સામનો કરવો પડે છે. આ અંગે બોર્ડે કન્ટ્રી રીસ્ક અને પ્રાઇમ / નોન પ્રાઇમ બેંક દીઠ એક્સપોઝર લીમીટસ્ નક્કી કરેલ છે. જેને સમયાંતરે રીવ્યુ કરવામાં આવે છે.

બેંકિંગ ક્ષેત્રે ટેકનોલોજી અને ડીજીટલ ચેનલોના વધતા જતા વપરાશને કારણે Cyber Frauds વધ્યા છે. આ સંદર્ભમાં Cyber સુરક્ષા વધારવાના હેતુથી RBI દ્વારા અર્બન કો.ઓપ. બેંકો માટે કોમ્પ્રીહેન્સિવ સાયબર સુરક્ષા અંગેનો પરિપત્ર બહાર પાડેલ છે. સદરહું ફ્રેમવર્ક ને એક ગ્રેડેડ અભિગમ પર ઘડવામાં આવેલ છે અને ચૂકવણી સિસ્ટમની ડિજિટલ ઉંડાઇ અને એકબીજા સાથે સંકળાયેલી પધ્ધતિ જેવા ચાર સ્તરોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં આપણી બેંકે કેટલાક વહીવટી તથા કંટ્રોલ માટેના અને નિયંત્રણોને અમલમાં મૂકવા માટેના તથા સાયબર હુમલાથી બચવા માટેના તમામ પગલાં લેવાના ચાલુ કરી દીધાં છે. આ અંગે આપણી બેંક Email/SMS દ્વારા ગ્રાહકોને સતત માહિતી તથા માર્ગદર્શન પુરુ પાડે છે. બેંક દરેક સભ્યને આ માર્ગદર્શન અનુરૂપ કાર્ય કરવાની વિનંતી કરે છે.

બેંકમાં લિક્વીડીટીનું જોખમ ઉભું ન થાય એ માટે એસેટ લાયેબિલીટી કમિટિ સમયાંતરે મળે છે તથા રિઝર્વ બેંકને આ અંગેનાં પત્રકો સમયસર મોકલાય તેનું ધ્યાન રાખવામાં આવે છે. એસએલઆર/સીઆરઆરની જાળવણીમાં વિક્ષેપ ન પડે એની ચિવટ રાખવામાં આવે છે. બેંક દ્વારા એસએલઆર / સીઆરઆરની જાળવણીમાં ક્યારેય પણ ચૂક કરવામાં આવી નથી.

આમ રિસ્ક મેનેજમેન્ટના મહત્વને ધ્યાનમાં રાખીને આપણી બેંક ખૂબ જ સમજપૂર્વકની પધ્ધતિઓ અને પ્રક્રિયાઓનું પાલન કરી રહી છે અને કાર્ય પ્રણાલીઓને સમયાંતરે મજબૂત પણ બનાવી રહી છે.

## નફાની ફાળવણી અને ડિવિડન્ડ :

**કુલ આવક : રૂા.૮૫૪.૫૮ કરોડ**

**ચોખ્ખો નફો : રૂા.૧૨૮.૫૦ કરોડ**

**ડિવિડન્ડ : ૧૫% (સૂચિત)**

અમને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૮-૧૯ ના અંતે બેંકની કુલ આવક રૂા.૭૧૩.૬૧ કરોડ હતી, જે ૨૦૧૯-૨૦ ના અંતે વધીને રૂા.૮૫૪.૫૮ કરોડે પહોંચી છે. આ આવકમાંથી કુલ ખર્ચ, જોગવાઇઓ અને આવકવેરાની રકમ બાદ કરતાં, ચોખ્ખો નફો રૂા. ૧૨૮.૫૦ કરોડે પહોંચ્યો છે, જે ગત વર્ષે રૂા.૧૨૨.૭૨ કરોડ હતો. બેંકના કાર્યક્ષમ વહીવટને કારણે બેંકનો નફો ઉત્તરોત્તર વધી રહ્યો છે, જેનાથી બેંકનાં અનામત ભંડોળમાં વધારો થઇ રહ્યો છે અને એ રીતે બેંકની સધ્ધરતામાં પણ વધારો થઇ રહ્યો છે. બેંકના પેટાકાયદાઓની જોગવાઇઓ પ્રમાણે બેંકનું બોર્ડ આ નફાની ફાળવણી કરવા નીચે પ્રમાણે ભલામણ કરે છે, જેને મંજૂર રાખવા આ સભાને બોર્ડ વિનંતી કરે છે.

| અ.નં. | વિગત | રકમ રૂા. |
|---|---|---|
| ૧. | રિઝર્વ ફંડ (૨૫%) | ૩૨,૧૨,૫૭,૧૮૩.૪૧ |
| ૨. | શિક્ષણ ફાળો | ૧,૨૮,૫૦,૨૮૭.૩૪ |
| ૩. | અનફોરસીન લોસીસ ફંડ | ૧૨,૮૫,૦૨,૮૭૩.૩૬ |
| ૪. | ડિવિડન્ડ (૧૫%) | ૧૩,૫૦,૯૪,૧૮૭.૯૮ |
| ૫. | મકાન ફંડ | ૨૫,૭૦,૦૫,૭૪૬.૭૨ |
| ૬. | ધર્માદા ફંડ | ૨,૫૭,૦૦,૫૭૪.૬૭ |
| ૭. | ઇન્વેસ્ટમેન્ટ ફ્લક્યુએશન ફંડ | ૩૨,૧૨,૫૭,૧૮૩.૪૧ |
| ૮. | રિઝર્વ ફંડ | ૮,૩૩,૬૦,૬૯૬.૭૩ |
| | **ચોખ્ખો નફો :** | **૧,૨૮,૫૦,૨૮,૭૩૩.૬૨** |




બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની મંજુરીને આધિન વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૧૫% ડિવિડન્ડની ભલામણ કરી છે, જેને મંજૂરી આપવા આ સભાને વિનંતી છે.

RBI ના પરિપત્ર ક્રમાંક : RBI/૨૦૧૯-૨૦/૨૧૮/ડી.ઓ. આર.પી.બી.સી.નં.૬૪/૨૧.૦૨.૬૭/૨૦૧૯-૨૦ તારીખ : ૧૭-૦૪-૨૦૨૦ થી ભારતની તમામ બેંકોને સલાહ આપી છે કે COVID-19 ને કારણે ઉદ્‌ભવેલ અનિશ્ચિતતાને કારણે નુકશાનને ખમી શકવા માટે તથા તેમની મૂડીને રક્ષણ આપવા અને અર્થતંત્રને ટેકો આપવા માટેની તેમની ક્ષમતા જાળવી રાખવા માટે બેંકો બીજી સૂચના મળે ત્યાં સુધી ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષના નફામાંથી ડિવિડન્ડની ચૂકવણી કરશે નહીં. જો કે, આ પ્રતિબંધની રિઝર્વ બેંક દ્વારા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ના પરિણામોને આધારે પુનઃસમીક્ષા કરવામાં આવશે, અને આપણી બેંક તે પ્રમાણે ડિવિડન્ડ આપશે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માટે ડિવિડન્ડ વિતરણની મંજૂરી આપવામાં ન આવે તો તેવા સંજોગોમાં સદરહુ ડિવિડન્ડની રકમ બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સર્વાનુમતે ઠરાવે તે મુજબ સ્ટેચ્યુટરી રિઝર્વ / BDDR / IDR / IFR રિઝર્વમાં તબદીલ કરવામાં આવશે.

## લક્ષ્યાંકોની સમીક્ષા તથા વર્ષ ૨૦૨૦-૨૧ નું બજેટ

બેંક દ્વારા દર વર્ષે, વર્ષની શરૂઆતમાં જ આગળના વર્ષે અપાયેલાં લક્ષ્યાંકોની સરખામણીએ સિધ્ધ કરેલાં લક્ષ્યાંકોની સમીક્ષા કરવા તથા ચાલુ વર્ષ માટેનાં નવાં લક્ષ્યાંકો આપવા સંબંધિત કર્મચારીઓ સાથે ચર્ચા કરવામાં આવે છે. વર્ષની શરૂઆતમાં જ આ કામગીરી થતી હોવાથી કર્મચારીઓને આયોજન કરવામાં સરળતા રહે છે. સાથે સાથે, જે શાખાઓએ લક્ષ્યાંકોની પ્રાપ્તિ સંબંધી સારી કામગીરી કરી હોય તેમને બિરદાવવામાં પણ આવે છે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન બેંકે મોટાભાગના તમામ લક્ષ્યાંક સારી રીતે સિદ્ધ કર્યા છે, જેનો યશ બેંકના સર્વે કર્મચારીઓ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો, શાખા વિકાસ સમિતિઓના ક્રિયાશીલ સભ્યો અને ગ્રાહકો, શુભેચ્છકોને જાય છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે નિર્ધારિત લક્ષ્યાંકોની સામે થયેલી કામગીરી તથા વર્ષ ૨૦૨૦-૨૧ ના બજેટની માહિતી સભાસદોની જાણ સારૂ રજૂ કરીએ છીએ જેને મંજૂર કરવા આ સભાને વિનંતી છે.

**લક્ષ્યાંકોની સમીક્ષા તથા વર્ષ ૨૦૨૦-૨૧ નું બજેટ (લક્ષ્યાંક)**

(રૂા. કરોડમાં)

| અ.નં. | વિગત | વર્ષ ૨૦૧૯-૨૦ નું બજેટ (લક્ષ્યાંક) | વર્ષ ૨૦૧૯-૨૦ના લક્ષ્યાંક સામે સિદ્ધિ | વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ (લક્ષ્યાંક) |
|---|---|---|---|---|
| ૧. | શેર મૂડી | ૯૫ | **૯૪.૪૫** | ૯૫ |
| ૨. | અનામત તથા અન્ય ભંડોળ | ૧૩૨૫ | **૧૩૫૧.૯૫** | ૧૪૫૦ |
| ૩. | થાપણો | ૭૪૦૦ | **૭૮૩૭.૦૩** | ૮૦૦૦ |
| | - જેમાંથી ચાલુ / બચત ખાતાની થાપણો | ૨૨૦૦ | **૨૩૭૫.૨૦** | ૨૫૦૦ |
| ૪. | રોકાણો-અન્ય બેંકોમાં મૂકેલી થાપણો સહિત | ૩૬૦૦ | **૪૨૮૦.૧૦** | ૪૫૦૦ |
| ૫. | ધિરાણ | ૫૧૦૦ | **૪૯૧૮.૨૪** | ૫૦૦૦ |
| ૬. | કાર્યકારી મૂડી | ૯૦૦૦ | **૯૮૯૦.૪૨** | ૧૦૬૦૦ |
| ૭. | કુલ આવક | ૮૦૦ | **૮૫૪.૫૮** | ૮૧૩.૭૦ |
| ૮. | કુલ ખર્ચ | ૫૮૦ | **૬૪૪.૮૭** | ૬૦૩.૨૦ |
| ૯. | કાર્યકારી નફો | ૨૨૦ | **૨૦૯.૭૧** | ૨૧૦.૫૦ |
| ૧૦. | ચોખ્ખો નફો | ૧૨૫ | **૧૨૮.૫૦** | ૧૩૫.૦૦ |
| ૧૧. | એન.પી.એ. રિકવરી | ૮૧ | **૭૬** | ૫૦ |

## બોર્ડ ઓફ મેનેજમેન્ટ :

રિઝર્વ બેંકના તા.૩૧-૧૨-૨૦૧૯ના નોટીફીકેશન અંતર્ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની માર્ગદર્શિકા મુજબ જે અર્બન કો-ઓપરેટીવ બેંક (UCB) ની ડીપોઝીટ રૂા.૧૦૦/- કરોડથી વધારે હોય અને તેઓ તેમનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કરવા માગતા હોય તેવી બેંકોએ ફરજિયાત પણે બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવાની રહેશે.

આ અંગે બેંકના પેટા કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચનાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે.

## કોર્પોરેટ કમ કો-ઓપરેટીવ ગવર્નન્સ :

બેંકની સ્થાપનાથી બેંકના વહીવટમાં સહકારિતાનાં મૂળભૂત મૂલ્યોના જતનને અગ્રતા આપવામાં આવે છે. આપણી બેંક વહીવટમાં કોર્પોરેટ ગવર્નન્સને પ્રાધાન્ય તો આપે જ છે, સાથે સાથે કો. ઓપરેટીવ મૂલ્યોને પણ એટલું જ મહત્વ આપે છે અને નબળી કે માંદી કો.ઓપરેટીવ બેંકોનું વિલીનીકરણ કરીને તેના સભાસદો અને ગ્રાહકોને રક્ષણ આપે છે. સને ૧૯૯૧ થી સને ૨૦૧૯-૨૦૨૦ સુધીમાં આઠ કો-ઓપ. બેંકોનું આપણી બેંક સાથે વિલીનીકરણ થયેલ છે. બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સમાજ અને શેર હોલ્ડર્સ પ્રત્યેની જવાબદારી સમજીને, નિર્ણયોમાં પારદર્શિતા જાળવીને, તેમજ રિઝર્વ બેંક દ્વારા અપાયેલા સૂચનોનું શ્રેષ્ઠ રીતે પાલન કરે છે.

રિઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના બોર્ડમાં બે પ્રોફેશનલ ડિરેક્ટર્સ પણ પોતાની સેવાઓ આપે છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગો નિયમિત મળે છે, જેમાં મોટા ભાગના સભ્યો હાજર રહે છે અને રચનાત્મક સૂચનો આપે છે. બોર્ડ દ્વારા રચાયેલી વિવિધ કમિટિની મીટીંગો પણ જરૂરિયાત પ્રમાણે મળે છે, અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સને માર્ગદર્શન પુરુ પાડે છે. બેંકના બોર્ડમાં જરૂર જણાય ત્યારે આમંત્રિતોની સેવાનો લાભ નિયમાનુસાર લેવાય છે.

## આંતરરાષ્ટ્રીય બેંકિંગ વિભાગ :

આપણી બેંક ઓથોરાઇઝ્ડ ડિલર કેટેગરી-૧ નું કાયમી

લાયસન્સ ધરાવતી ગુજરાતની પ્રથમ સહકારી બેંક છે. બેંકે આંતરરાષ્ટ્રીય કારોબારમાં વર્ષ દરમિયાન રૂ।.૧૨,૮૮૫/- કરોડનું ટર્ન ઓવર કર્યું છે. બેંક દ્વારા આંતરરાષ્ટ્રીય કારોબાર સંબંધી તમામ કામગીરી કરવામાં આવે છે. આપણી બેંક દ્વારા લેવાતા સેવાકીય ચાર્જીસ ખૂબ જ માફકસરના છે. બેંક અમેરિકન ડોલર ઉપરાંત ગ્રેટ બ્રિટન પાઉન્ડ, યુરો, કેનેડીયન ડોલર તેમજ જાપાનીઝ યેન એમ મુખ્યત્વે પાંચ કરન્સીમાં કામ કરે છે.

આંતરરાષ્ટ્રીય બેંકિંગ વિભાગ દ્વારા એક્સપોટર્સ અને ઇમ્પોટર્સને લગતી બધી જ સેવાઓ આપવામાં આવે છે. એક્સપોટર્સ માટે એક્સપોર્ટ પેકીંગ ક્રેડીટ, ફોરેન બીલ કલેક્શન, ફોરેન બીલ પરચેઝ/ડીસ્કાઉન્ટીંગ/નેગોશીએશન ઇત્યાદિ સેવાઓ ખૂબ જ આકર્ષક વ્યાજ દરે આપવામાં આવે છે. ઇમ્પોટર્સ માટે ફોરેન લેટર ઓફ ક્રેડીટ (FLC), બાયર્સ ક્રેડીટ/સપ્લાયર્સ ક્રેડીટ, ફોરેન બેંક ગેરંટી, ફોરવર્ડ કોન્ટ્રાક્ટ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે. બેંકનું ફોરેક્સ ડિપાર્ટમેન્ટ આધુનિક રાઇટર્સ/ટીકર્સ/CCIL જેવી સેવાઓ વાપરે છે અને ડિલીંગરૂમ પણ અમદાવાદ શહેરમાં ઉપલબ્ધ છે. બેંક ડાયરેક્ટ SWIFT System થી ઇન્ટરનેશનલ પેમેન્ટસ પુરા પાડે છે અને ઇન્ટરનેશનલ બેંક ડિરેક્ટરીમાં પણ આપણી બેંકના નામનો સમાવેશ કરવામાં આવેલ છે. આપણી બેંક દ્વારા SWIFT System ની કામગીરી ખૂબ જ કાર્યક્ષમ રીતે કરવામાં આવે છે જે અભિનંદનીય છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર કરતા ઉદ્યોગકારો અને ટ્રેડર્સને બેંકના આ ડિપાર્ટમેન્ટની ઉત્તમ સેવાનો લાભ લેવા વિનંતી છે.

**<u>કરન્સી ચેસ્ટ :</u>**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા આપણી બેંકને વર્ષ ૨૦૧૭ થી કરન્સી ચેસ્ટ ખોલવા માટે મળેલી મંજૂરી અંતર્ગત આપણી બેંકમાં કરન્સી ચેસ્ટ કાર્યરત થયેલ છે. કરન્સી ચેસ્ટ શરૂ થવાથી બેંકને અને ગ્રાહકોને કેશ મેનેજમેન્ટમાં સુવિધા ઉપલબ્ધ થઇ છે. તદ્ઉપરાંત, બેંક (૧૯) ઓગણીસ નાની કો-ઓપ બેંકોને તેમજ સ્મોલ ફાયનાન્સ બેંકોને કેશ મેનેજમેન્ટની સુવિધા પૂરી પાડે છે.

**<u>પેરા બેંકિંગ સેવાઓ :</u>**

બેંકિંગ ક્ષેત્રમાં વર્તમાન સમય તીવ્ર હરિફાઇનો છે, એટલે બેંકોએ નફાનું વ્યાજબી સ્તર જાળવી રાખવા, કોર બેંકિંગ પ્રવૃત્તિઓમાંથી મળતી આવક ઉપરાંત અન્ય બેંકિંગ સેવાઓમાંથી પણ સારી એવી આવક મેળવવી ખૂબ જ જરૂરી છે. આ આવક એટલી હોવી જોઇએ કે તેમાંથી બેંકનો વહીવટી ખર્ચ નીકળે તેમ છતાં, આપણે ઘણી બધી સેવાઓ જેમ કે લાઇફ ઇન્શ્યોરન્સ, જનરલ ઇન્શ્યોરન્સ, હેલ્થ ઇન્શ્યોરન્સ, ડિમેટ અને ASBA, સ્ટેમ્પ ફ્રેકીંગ તથા પાનકાર્ડ વગેરેમાંથી સારો એવો નફો મેળવી શકીએ છીએ. આવી કેટલીક સેવાઓનો આપ સર્વે લાભ લો એવી અમારી વિનંતી છે.

**<u>ઇન્ટરનેટ બેંકિંગ :</u>**

આપણી બેંક કોર્પોરેટ અને રીટેઇલ ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા વિના મૂલ્ય આપે છે. આપણી બેંકની ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા સીક્યોર્ડ એનવાયરમેન્ટ અને આઇ.ટી સીક્યુરીટી ઓડિટ હેઠળ ઓબઝર્વ કરવામાં આવે છે. ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા ગ્રાહકો ઇન્ટરનલ / એક્સટરનલ ફંડ ટ્રાન્સફર, સ્ટેટમેન્ટ વ્યુ / પ્રીન્ટીંગ, સ્ટેટસ ઓફ ચેક, નવી ચેક બુક રીક્વેસ્ટ, ફીક્સ ડિપોઝીટ ક્રિએશન, બીલ પેમેન્ટ વગેરે સુવિધાઓને પોતાના સ્થળે જ લેપટોપ અથવા મોબાઇલથી ઉપયોગ કરી શકે છે.

બેંકના ગ્રાહકો આ સેવાનો મહત્તમ લાભ લે તે ઇચ્છનીય છે. આ વર્ષના અંત સુધીમાં ૫૯૮૮ કોર્પોરેટ ગ્રાહકો અને ૯૫૧૯ રીટેઇલ ગ્રાહકો આ સેવાનો લાભ લઇ રહ્યા છે. ઇન્ટરનેટ બેંકિંગનો વ્યાપ વધારવા આ સુવિધા દ્વારા RTGS તથા NEFT ફંડ ટ્રાન્સફર કરવામાં આવે તો કોઇ પણ જાતના ચાર્જીસ લેવામાં આવતા નથી; તેથી આ સેવાનો લાભ ગ્રાહકો વધુ લે એવી વિનંતી છે.

**<u>મોબાઇલ બેંકિંગ :</u>**

ચાલુ વર્ષ દરમ્યાન બેંકે NPCI સંલગ્ન યુનીફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI) શરૂઆત કરી છે. આ સુવિધા અંતર્ગત વિવિધ સેવાઓ જેવી કે સેન્ડ મની, રિક્વેસ્ટ મની, ઓથોરાઇઝેશન QR સ્કેન દ્વારા મર્ચન્ટ પેમેન્ટ, આઇપીઓ વગેરે સેવાઓ પુરી પાડે છે. વર્ષાંતે ૧૩૭૪૬ ગ્રાહકોએ આ સેવાનો ઉપયોગ કરેલ છે. મોબાઇલ બેંકિંગ સેવામાં ગ્રાહકોનો વ્યાપ ૯૨૬૮ થી વધીને ૪૭૮૭૭ થયેલ છે. Covid-19 મહામારીના સમયમાં સામાજીક અંતર જાળવવા માટે, બેંકની આ સેવાનો વધુને વધુ ગ્રાહકો લાભ લે તેવી અમારી વિનંતી છે.

## ડેબિટ કાર્ડ :

આપણી બેંક બે પ્રકારના ડેબિટ કાર્ડ ઓફર કરે છે. કાલુપુર બેંક રૂપે ક્લાસિક કાર્ડ અને કાલુપુર બેંક રૂપે પ્લેટિનમ કાર્ડ આ બંને કાર્ડ ખૂબ જ નજીવી વાર્ષિક ફી પર ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ ફક્ત આપણી બેંકના એટીએમ પર જ નહિ પરંતુ ભારતભરના અન્ય બેંકોના એટીએમ પર પણ થઇ શકે છે. ગ્રાહકો ઇ-કોમર્સ ટ્રાન્ઝેક્શન કરવા માટે કાલુપુર બેંક ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે અને સાથે સાથે રૂપે લોગો પ્રદર્શિત કરતા ભારતભરના વેપારી મથકો પર ખરીદીની સુવિધાનો આનંદ લઇ શકે છે. બંને કાર્ડનો ઉપયોગ અમારી બેંકના એટીએમ પર સંપૂર્ણ પણે મફત છે. ગ્રાહકોને તમામ ડિલિવરી ચેનલોમાં ડેબિટ કાર્ડનો મહત્તમ ઉપયોગ કરવા વિનંતી છે.

## એ.ટી.એમ. કેન્દ્રો :

આપણી બેંકનાં ૬૧ ATM કેન્દ્રો કાર્યરત છે જેમાં પાંચ ઓફ સાઇટ ATM પણ છે. આપણાં એટીએમ ૨૪ કલાક સુરક્ષા ગાર્ડ તથા વાતાનુકુલિત, સાયરનની સુવિધાથી તેમજ સી.સી.ટી.વી. કેમેરાની સગવડથી સુરક્ષિત છે. આપણા તમામ ATM માં હંમેશા ગુણવત્તાયુક્ત નોટો ઉપલબ્ધ હોય છે. અન્ય બેંકના એ.ટી.એમ. કાર્ડ ધરાવતા ગ્રાહકો આપણી બેંકના એ.ટી.એમ.ની સારી સેવાને કારણે ઘણો લાભ લે છે. વધુમાં ૧૩ બેંકો સાથે ઇન્ટર ઓપરેશનલ કેશ ફેસીલીટી અન્વયે આપણી બેંકનાં ગ્રાહકો અન્ય બેંકના અને અન્ય બેંકોના ગ્રાહકો આપણી બેંકના કેશ ડિપોઝીટ મશીનમાં રોકડ જમા કરાવી શકે એવી સુવિધા બે બ્રાન્ચમાં જેમકે પંચવટી તથા સોલા રોડ શાખા, અમદાવાદમાં છે. તથા Passbook Kiosk મશીનથી જાતે જ પાસબુક પ્રીન્ટ કરી શકે તેવી સુવિધા ૩૬ બ્રાન્ચમાં ઉપલબ્ધ છે. આપ સર્વે આ સુવિધાનો મહત્તમ લાભ લો તેવી વિનંતી છે.

## લોકર સેવા :

આધુનિક બેંકિંગ ઉદ્યોગમાં બેંકોની શાખાઓના અદ્યતન સુવિધા ધરાવતા મકાનો (પરિસર)માં લોકરનું વિશેષ મહત્વ છે. આપણી બેંકની ૫૦ શાખાઓમાં ૭૫૮૦૦ ઉપરાંત લોકરની સુવિધા ઉપલબ્ધ છે. બેંકના લોકર્સ હોલ વાતાનુકુલિત છે તથા તેમાં ડ્રેસીંગ રૂમની સુવિધા પણ પુરી પાડવામાં આવે છે. ગ્રાહકોની માંગણીને ધ્યાનમાં લઇ અમો વધુને વધુ સુવિધાયુક્ત લોકર્સની વ્યવસ્થા કરવા પ્રયત્નશીલ છીએ. આપણી બેંક દ્વારા લેવાતું લોકર ભાડુ ઘણું જ વ્યાજબી હોવાથી તેમજ બેંકના લોકર હોલ સુવિધાયુક્ત હોવાથી, વધુને વધુ ગ્રાહકો આ સેવાનો લાભ લે છે.

## ડિમેટ / ASBA સેવા :

બેંકનો ડિમેટ વિભાગ ૧૯૯૯ થી કાર્યરત છે. બેંકની ૫૮ શાખાઓ દ્વારા ડિમેટ સેવા અપાય છે. બેંકની તમામ શાખાઓ IPO/FPO માં ભરણું ભરવા ASBA સેવા આપે છે. વર્ષ દરમિયાન બેંકે ASBA સેવા માટે ૬૩ IPO માં ૧૦૫૧૭૩ અરજીઓ સ્વીકારી હતી. બેંક દ્વારા ગ્રાહકોની સુવિધા માટે ASBA દ્વારા IPO માં અરજી કરવા માટે બેંકની મોબાઇલ બેંકિંગ Application માં નવી સુવિધા ઉભી કરવામાં આવી છે. વધુમાં આ વર્ષથી આવી અરજીઓ UPI ના માધ્યમથી સ્વીકારવાની સુવિધા બેંકે ઉપલબ્ધ કરી છે જેનાથી ગ્રાહકે IPO ની અરજી તેમના સિન્ડીકેટ બ્રોકરને મોકલી શકે છે. ડિમેટ ખાતાનું બેલેન્સ જાણવા માટે બેંકે Missed Call ની ફેસીલીટી ઉપલબ્ધ કરાવેલ છે.

## પાનકાર્ડ / ગેસ બિલ કલેક્શન સેવા :

બેંકની તમામ શાખાઓમાં ઇન્કમટેક્ષ પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) અંગેની અરજીઓ સ્વીકારવામાં આવે છે. બેંક દ્વારા અદાણી ગેસ બિલ કલેક્શનની સેવા પણ અપાય છે. ચાલુ વર્ષ દરમ્યાન બેંકે ૬૦૦ થી વધારે પાન કાર્ડની અરજી પ્રોસેસ કરી છે તથા અદાણી ગેસ બીલ પેમેન્ટમાં ૩૨૭૦૦ થી વધારે બીલની ચૂકવણી એકત્રિત કરી છે.

## E-Tax સેવા :

આપણી બેંકના ખાતેદારો, વિવિધ સરકારી વેરાઓ સરળતાથી ભરી શકે એ માટે આપણી બેંક અન્ય બેંકોના સહયોગથી નિ:શુલ્ક સુવિધા પૂરી પાડે છે. આ સેવા દ્વારા ઇન્કમટેક્ષ, ટી.ડી.એસ. જી.એસ.ટી., VAT, ESIC, EPFO, કસ્ટમ ડ્યુટી, મિલકતોનાં વેચાણ પર ટી.ડી.એસ. જેવા વેરાઓ ભરવાની સગવડ છે. મોટી સંખ્યામાં બેંકના ગ્રાહકો આ સેવાનો લાભ લે છે.

## સ્ટેમ્પ ફ્રેકિંગ સેવા :

બેંકની ૫૨ શાખાઓ દ્વારા સ્ટેમ્પ ફ્રેકિંગ સેવા સંતોષકારક રીતે આપવામાં આવે છે. બેંકની શાખાઓ દ્વારા નાની રકમથી માંડી મોટી રકમ સુધીના તમામ સ્ટેમ્પનું ફ્રેકીંગ કરી આપવામાં આવે

છે. દરેક શાખા દ્વારા ડાયરેક્ટ સેલીંગ એજન્ટ (ડી.એસ.એ.) દ્વારા પણ સ્ટેમ્પ ફ્રેકીંગની સુવિધા પુરી પાડવામાં આવે છે. અને તા.૩૧-૩-૨૦૨૦ના રોજ બેંકે એપોઇન્ટ કરેલા ૩૦૯ ડી.એસ.એ. એજન્ટ કાર્યરત છે.

**અન્ય સેવાઓ :**

આ ઉપરાંત બેંક દ્વારા અન્ય સેવાઓ જેવી કે ટોલફ્રી નંબર, ફ્રી ઇ-સ્ટેટમેન્ટ, ફ્રી એસ.એમ.એસ. એલર્ટ, ફ્રી ડિમેટ સ્ટેટમેન્ટ ઓન મોબાઇલ, એકાઉન્ટ બેલેન્સ, એકાઉન્ટ સ્ટેટમેન્ટ, મીસ્ડ કોલ સર્વિસ, SMS દ્વારા ડેબિટ કાર્ડ Block Services આપવામાં આવે છે.

**સામાજીક ઉત્તરદાયિત્વ :**

બેંકિંગ પ્રવૃત્તિની સાથે, સમાજ પ્રત્યેની જવાબદારીના ભાગરૂપે બેંક દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, જેમાં માઇક્રો ફાયનાન્સ, રક્તદાન પ્રવૃત્તિ, યોગ શિબિરો/હેલ્થ ચેક અપ કેમ્પ/ સામાજીક/આર્થિક/શૈક્ષણિક/આરોગ્ય ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને દાન, તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર, દિવંગત સભાસદોના આશ્રિતોને સહાય જેવા વિવિધ દિવસોની ઉજવણી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ રક્ષણની જાગૃતિ માટે આપણી બેંક દ્વારા ૫૦,૦૦૦ જેટલાં વૃક્ષો વાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આજની તારીખે વિવિધ સ્થળોએ આશરે ૨૨૩૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા છે. બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો આવી પ્રવૃત્તિઓમાં હાજરી આપી પ્રોત્સાહન આપે છે.

**રક્તદાન પ્રવૃત્તિ :**

બેંકની આ સેવાકીય પ્રવૃત્તિઓમાં શાખા વિકાસ સમિતિના સભ્યશ્રીઓ, બેંકના અધિકારીશ્રી ચંદ્રવદન શુક્લ અને શાખા મેનેજર્સ તથા સ્ટાફ ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરે છે. ગત વર્ષ દરમિયાન આ કામગીરીમાં બેંકની ૫૪ શાખાઓએ ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી હતી. બેંકમાં આ પ્રવૃત્તિને ગતિશીલ રાખવા રક્તદાન કેમ્પો તથા હેલ્થ ચેકઅપ કેમ્પો યોજવામાં આવે છે જેમાં કર્મચારીઓ તથા ગ્રાહકો ઉમળકાભેર સહયોગ આપે છે. બેંકે વર્ષ દરમિયાન રક્તદાનના ૮૦ શિબિર યોજી, ૬૧૬૭ યુનિટ રક્ત એકઠું કર્યું હતું, અને હેલ્થ ચેક અપના ૩૩ હેલ્થ ચેકઅપ શિબિર યોજી હતી જેમાં ૩૮૫૩ વ્યક્તિઓએ લાભ લીધો હતો.

**બેંક દ્વારા સરકારની વીમા યોજનાઓનું અમલીકરણ :**

બેંકે આઇઆરડીએ પાસેથી જીવનવીમા તથા જનરલ ઇન્શ્યોરન્સ માટે કોમ્પોઝીટ કોર્પોરેટ એજન્ટ તરીકે મંજુરી મેળવેલ છે અને તે અંતર્ગત બેંકે લગભગ ૧૬૦૦ પોલીસી કેનવાસ કરી છે અને ચાર જીવનવીમાના દાવાઓ પણ સેટલ કરેલ છે. બેંકે જનરલ ઇન્શ્યોરન્સ વીમાની ૬૪૫૦ પોલીસીઓ કેનવાસ કરેલ છે.

જાહેર જનતાના લાભાર્થે ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલી પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં (PMSBY) તથા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં (PMJJBY) આપણી બેંકે સંતોષકારક કાર્ય કર્યું છે. PMSBY માં તથા PMJJBY માં આપણી બેંકે ૩૮૦૦૦ ગ્રાહકોને આવરી લીધા છે. આ બંને યોજનાઓ નીચે કુલ ૧૦ દાવાઓ થયા છે જેની પતાવટ કરી દેવામાં આવી છે.

**અટલ પેન્શન યોજના :**

વર્ષ દરમ્યાન આપણી બેંકે ભારત સરકારશ્રીની આ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનો બેંકના ૧૧૪ ગ્રાહકોએ લાભ લીધો છે. બેંકના સભાસદો અને ગ્રાહકોને આ યોજનાનો લાભ લેવા વિનંતી છે.

**બેંક દ્વારા ગ્રાહકોને વીમાનો લાભ :**

આપણી બેંક દ્વારા બચતખાતુ તથા વ્યક્તિગત ચાલુ ખાતુ ધરાવતા ગ્રાહકોને અમૂક શરતોને આધિન પર્સનલ એકસીડેન્ટ વીમાનો લાભ આપવામાં આવે છે. વર્ષ દરમિયાન આ યોજના હેઠળ ૩,૮૦,૦૦૦ ગ્રાહકોને આવરી લેવામાં આવ્યા હતા આ વીમા હેઠળ ૧૬ દાવા થયા હતા. આ બધા જ દાવાઓના ક્લેઇમ કરી દેવામાં આવ્યા છે અને લાભાર્થીઓને રકમ ચૂકવી દેવામાં આવી છે.

**વિશ્વ મહિલાદિનની ઉજવણી :**

સમાજમાં મહિલાઓને વિશિષ્ટ સ્થાન અને સન્માન પ્રાપ્ત થાય તે વિચારધારાને ધ્યાનમાં રાખી, છેલ્લા ૬ વર્ષથી, બેંક દ્વારા વિશ્વ મહિલા દિનની ગૌરવભેર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ બેંક દ્વારા ૮મી માર્ચ, ૨૦૨૦ના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણી કરી હતી. આ દિવસે બેંક દ્વારા એક સેમિનાર

યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં બેંકે બે પ્રખ્યાત સ્ત્રી વક્તાઓને આમંત્રિત કર્યા હતા.

શ્રીમતી અનાર પટેલ કે જેઓ "ગ્રામશ્રી ફાઉન્ડેશન" ના સ્થાપક છે. તેમણે તેમના અનુભવો કહ્યા હતા અને મહિલા ગ્રાહકોને સમાજ સેવા પર ધ્યાન કેન્દ્રિત કરવા અને અન્ય લોકો માટે જીવન જીવવા સંદેશ આપ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે સમાજે જે આપણને આપ્યું છે તે આપણે સમાજને સેવાના રૂપમાં પરત આપવું જોઇએ.

શ્રીમતી ડૉ. દર્શના ઠક્કરે (ગાયનેકોલોજીસ્ટ અને ઓબસ્ટેટ્રીશીયન) મહિલા ગ્રાહકોને હાર્ટ અને મગજ વચ્ચે સંતુલન કેવી રીતે જાળવવું તે વિશે સમજાવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બેંકની મહિલા કર્મચારીઓએ સુંદર અને સરસ રીતે કર્યું હતું. આપણી બેંકના ૫૦૦ થી વધુ મહિલા સભાસદો, ખાતેદારો, શુભેચ્છકોએ બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળતા અપાવી હતી.

## ડોનેશન :

રિઝર્વ બેંકની સૂચના અનુસાર, બેંક દર વર્ષે ચોખ્ખા નફાના ૧% જેટલી રકમ તથા સેન્ટ્રલ/સ્ટેટ ગવર્મેન્ટ ધ્વારા માન્ય નેશનલ ફંડ તથા અન્ય ફંડમાં બેંકના ચોખ્ખા નફાના ૨% ની મર્યાદામાં દાન કરી શકે છે.

તદ્અનુસાર બેંકે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન રૂા.૧,૧૯,૭૯,૦૦૦/- નું દાન વિવિધ ૧૪ સંસ્થાઓને આપેલ છે. જેમાં મુખ્યત્વે COVID-19 મહામારી માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂા.૧,૧૧,૦૦,૦૦૦/- નું દાન આપેલ છે. બેંકે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, સદ્વિચાર પરિવાર, ગુજરાત દર્દી લોક કલ્યાણ, બારેજા કેળવણી મંડળ જેવી ઘણી નાની મોટી સંસ્થાઓને દાન આપેલ છે. બેંકે વર્ષ દરમિયાન સામાજીક હેતુ માટે રૂા.૧,૨૭,૨૮,૦૦૦/-, આરોગ્ય ક્ષેત્ર માટે રૂા.૬૭,૫૧,૦૦૦/- અને શૈક્ષણિક હેતુ માટે રૂા.૩૬,૦૦,૦૦૦/- નું દાન આપેલ છે. બેંકે તમામ દાન રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની માર્ગદર્શિકા મુજબ આપેલ છે. વધુમાં મને જણાવતાં આનંદ થાય છે બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોએ રૂા.૭,૭૨,૦૦૦/- ની રકમ સેંટ ઝેવિયર્સ સ્કુલ રોડ શાખા, સાયન્સ સીટી રોડ શાખા, માધુપુરા શાખા, બાપુનગર શાખા, ઉસ્માનપુરા શાખા અને ઓલ્ડ પાદરા રોડ (વડોદરા) શાખાના શાખા વિકાસ સમિતિના સભ્યોએ રૂા.૨,૧૬,૦૦૦/- ની રકમ અને બેંકના કર્મચારી ભાઇઓ અને બહેનોએ રૂા.૮,૩૩,૦૦૦/- ની રકમ પી.એમ. કેર્સ ફંડમાં અર્પણ કરી છે. આ સર્વેને હું ખાસ અભિનંદન આપું છું.

## શૈક્ષણિક હેતુસરનું ધિરાણ :

સમાજના મધ્યમ વર્ગના લોકોના સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે સહાયભૂત થવા આપણી બેંકે ઓછા વ્યાજ દરે, શૈક્ષણિક ધિરાણ આપવાનું શરૂ કર્યું હતું, જેનો લાભ ઘણા વિદ્યાર્થીઓએ લીધો હતો. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ૨૫૫ ખાતોઓમાં રૂા.૫૬.૨૩ કરોડનું ધિરાણ મંજુર કરેલ છે. અત્યારે બેંક દ્વારા ઉચ્ચ અભ્યાસ માટેનું ધિરાણ ૮.૭૫% થી ૮.૯૦% સુધીના વ્યાજ દરે આપવામાં આવે છે. તદ્ઉપરાંત, શૈક્ષણિક ધિરાણની અરજીઓમાં કોઇપણ પ્રકારની પ્રોસેસીંગ ફી લેવામાં આવતી નથી. તેમજ ૨૨ વિદ્યાર્થીઓને રૂા.૧૮.૮૫ લાખની શૈક્ષણિક સબસીડીનો લાભ સરકારશ્રીથી મેળવી આપવામાં આવેલ છે.

## કાલુપુર બેંક શિષ્યવૃત્તિ યોજના :

આપણી બેંકના સભાસદો અને કર્મચારીઓના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાના આશયથી, તેમને શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે. આ યોજનાની શરતો અનુસાર, એસ.એસ.સી., એચ.એસ.સી. તથા સ્નાતક, અનુસ્નાતક તથા પ્રોફેશનલ ડીગ્રીઓની પરીક્ષાઓમાં સારા ગુણ મેળવતા વિદ્યાર્થીઓને, શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન, બેંકે કુલ ૧૬૩ વિદ્યાર્થીઓને રૂા.૪,૭૪,૧૬૩/- ની શિષ્યવૃત્તિ આપી છે. આ યોજનાને વધુ ઉપયોગી બનાવવા બોર્ડ સભાસદોના સૂચનોને આવકારે છે.

## સભાસદ સહાય યોજના :

બેંકે, તેની સામાજીક જવાબદારીના ભાગરૂપે બેંકના દિવગંત થતા સભાસદોના આશ્રિતોને મદદ કરવાના ઉમદા આશયથી, વર્ષ ૧૯૯૭ થી સભાસદ સહાય યોજના અમલમાં મૂકી છે. બેંકે આ યોજના તા.૩૧-૩-૨૦૨૫ સુધી લંબાવી છે અને તા.૧-૪-૨૦૨૦ થી સહાયની રકમમાં ૫૦% નો વધારો કરીને હાલના રૂા.૧૦,૦૦૦/- થી વધારીને રૂા.૧૫,૦૦૦/- કરેલ છે. આ યોજના અંતર્ગત, વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન દિવંગત થયેલા ૨૪૫ સભાસદોના પરિવારજનોને, આ યોજના હેઠળ બેંકે વર્ષ દરમ્યાન રૂા.૨૪,૫૦,૦૦૦/- ની સહાય ચૂકવી છે.

દિવંગત થયેલા સર્વે સભાસદોના આત્માને પરમાત્મા ચિરશાંતિ અર્પે તેવી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પ્રાર્થના કરે છે.

**શાખા વિકાસ સમિતિઓની કામગીરી :**

બેંકની ગ્રાહક સેવામાં ઉત્તરોત્તર સુધારો થાય તે માટે તથા બેંકને સમાજના પ્રતિષ્ઠિત મહાનુભાવોના અનુભવ અને સંબંધોનો લાભ મળે તેવા આશયથી, બેંકે શાખા વિકાસ સમિતિઓની રચના કરી છે જે મોટાભાગની શાખાઓમાં કાર્યરત છે. આ સમિતિઓની મિટીંગો લગભગ દર દોઢ / બે મહિને મળે છે જેમાં બેંકના ડિરેક્ટરશ્રી તથા અનુભવી અધિકારીઓ હાજરી આપે છે. મિટીંગમાં સભ્યો તરફથી મળતાં સૂચનો પર આવશ્યક કામગીરી કરવામાં આવે છે. સમિતિની મિટીંગોમાં મળતાં સૂચનોથી, બેંકના કામમાં ગતિશીલતા આવે છે. સમિતિના સભ્યોની, એન.પી.એ. થયેલા ખાતાઓમાં વસૂલાતમાં પણ ક્યારેક મદદ લેવાય છે. સમિતિના સભ્યો તરફથી માર્કેટ ઇન્ટેલીજન્સના કામમાં પણ જરૂર પડે મદદ લેવાય છે. તદ્ઉપરાંત બેંક, બેંકિંગનો વ્યાપ વધારવા શાખાઓમાં ગ્રાહક મિલન સમારંભ યોજે છે. આ કાર્યક્રમોમાં પણ શાખા વિકાસ સમિતિઓના ક્રિયાશીલ સભ્યો સક્રિય હાજરી આપી અમને પ્રોત્સાહિત કરે છે. બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ આ સર્વે સભ્યોનો તેમની માનદ્ સેવા બદલ ખૂબ ખૂબ આભાર માને છે અને વધુ સક્રિય ફાળો આપવા વિનંતી કરે છે.

**બેંકને મળેલા એવોર્ડ્ઝ :**

(૧) વર્ષ દરમ્યાન સુપ્રસિદ્ધ બેંકિંગ મેગેઝીન "બેંકિંગ ફ્રન્ટીયર" દ્વારા આપણી બેંકને ત્રણ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાન એવોર્ડ, બેસ્ટ ડેટા સીક્યુરીટી એવોર્ડ, બેસ્ટ ડેબીટ કાર્ડ ઇનીસીયેટીવ એવોર્ડ. (૨) નવગુજરાત સમય (ગુજરાતી દૈનિક) દ્વારા પ્રાઇડ એક્સલન્સ એવોર્ડ (૩) ગુજરાત રાજ્ય આંતર બેંકિંગ સ્પોર્ટ્સ કોમ્પીટીશનમાં ક્રિકેટ ક્ષેત્રે ચેમ્પીયન ટ્રોપી હાંસલ કરેલ છે. (૪) આપણી બેંકને Care Rating સંસ્થા તરફથી A2+ રેટીંગ આપવામાં આવેલ છે જે સૂચવે છે કે બેંક તેનાં Financial Obligations ની સમયસર ચૂકવણી કરવા સક્ષમ છે.

**માનવ સંસાધન વિકાસ અને કૌશલ્યવર્ધન :**

આપણી બેંકનું મેનેજમેન્ટ, બેંકના માનવ સંસાધનને બેંકની પ્રગતિમાં મહત્વનું યોગદાન આપતા અંગ તરીકે સ્વીકારે છે. આથી કર્મચારીઓના ઉત્સાહને જાળવી રાખવા તેમને સંતોષકારક વેતન, અન્ય સગવડો, ઉત્પાદકતા સાથે સંકળાયેલ બોનસ, પ્રમોશન, એવોડઝ, ઇનામ, પ્રમાણપત્રો વગેરે આપે છે. વર્ષમાં એક વખત કર્મચારીઓને સહપરિવાર આમંત્રિત કરી, તેમનું જાહેર કાર્યક્રમમાં સન્માન કરવામાં આવે છે. કર્મચારીઓનાં બાળકોને પણ તેમણે મેળવેલી વિશેષ સિધ્ધિ બદલ પુરસ્કૃત કરવામાં આવે છે.

બેંકના કર્મચારીઓની લેખન ક્ષમતાને પ્રોત્સાહિત કરવા બેંક ઇનહાઉસ જર્નલ "કર્મણ્ય" પ્રકાશિત કરે છે. બેંકનું ઇનહાઉસ જર્નલ, એના માહિતીસભર લેખ અને અન્ય વિવિધતાઓને કારણે વાચકોને ઘણું જ ઉપયોગી બન્યું છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેના સંપાદક મંડળને અભિનંદન આપે છે. બેંકના પુસ્તકાલયમાં વિવિધ વિષયોનાં પુસ્તકો, સામાયિકો વગેરે વસાવવામાં આવે છે. બેંકના ભૂતપૂર્વ કર્મચારીઓ સાથેનો સંબંધ જીવંત રહે તે માટે બેંક નાના મોટા કાર્યક્રમોમાં તેમને આમંત્રિત કરે છે.

કર્મચારીઓની પ્રતિભાને નિખારવા માટે બેંક સતત પ્રયત્નશીલ રહે છે. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને વર્ષ દરમિયાન બેંકે તેમના કર્મચારીગણ માટે ઘણી ઈન્ટરનલ તથા એક્સટર્નલ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. વધુમાં ૨૬મી જાન્યુઆરી તથા ૧૫મી ઓગષ્ટના રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરે છે જેમાં સ્ટાફના બાળકોને સંમિલિત કરીને પ્રોત્સાહન આપે છે.

બેંક દ્વારા JAIIB / CAIIB પરીક્ષા માટે નિ:શુલ્ક વર્ગો ચલાવવામાં આવે છે જેનો લાભ આપણી બેંકના કર્મચારીઓ ઉપરાંત અન્ય બેંકોના ઘણાં કર્મચારીઓ લે છે. વર્ષ દરમિયાન આપણી બેંકના ૧૯ કર્મચારીઓએ JAIIB, પાંચ કર્મચારીઓએ CAIIB, ૬ કર્મચારીઓએ AML-KYC તેમજ એક કર્મચારીએ ફોરેન એક્સચેન્જ ઓફીસરની, એક કર્મચારીએ આઇ.ટી. સીક્યુરીટી, એક કર્મચારીએ DUCB ડીપ્લોમા ઇન અર્બન કો-ઓપરેટીવ બેંકિંગ પરીક્ષાઓ પાસ કરી છે. આ સર્વે કર્મચારી મિત્રોને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અભિનંદન પાઠવે છે. આ રીતે કૌશલ્ય પ્રાપ્ત કરેલા કર્મચારીઓ દ્વારા બેંક ગુણવત્તાયુક્ત ગ્રાહક સેવા આપી શકે છે.

**માર્કેટીંગ વિભાગની પ્રવૃતિઓ :**

વર્ષ દરમિયાન,માર્કેટીંગ વિભાગે સ્ટેમ્પ ફ્રેકીંગ સેવા માટે ૬૭ DSA (ડાયરેક્ટ સેલીંગ એજન્ટ) ની નિમંણૂક કરી છે. વર્ષ-૨૦૧૯-૨૦ દરમિયાન બેંક દ્વારા ૪૭૦ હોમલોન

ધિરાણકર્તાઓને રૂા.૧૦.૪૫ કરોડની સબસીડી સહાય મળેલ છે. માર્કેટીંગ વિભાગે વિવિધ સરકારી યોજના જેવી કે અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી એમ્પલોઇમેન્ટ જનરેશન પ્રોગ્રામનો ગ્રાહકોને લાભ આપ્યો છે. બેંકના માર્કેટીંગ વિભાગના અધિકારી અને કર્મચારીઓ ખૂબ જ પ્રશંસનીય કામ કરે છે જેની બોર્ડ નોંધ લે છે.

**શ્રધ્ધાંજલિ :**

**શ્રી નગીનભાઇ શાહ** છેલ્લા ૫૬ વર્ષથી અવિરત ચાલતી "દર્દીઓનું રાહત ફંડ" નામની સેવા પ્રકલ્પના આજીવન ભેખધારી સેવાસંત...

સમાજમાં વસતા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે સને ૧૯૬૪થી સેવા કાર્યનો પ્રારંભ થયો. સમાજના શ્રેષ્ઠીઓ અને શુભેચ્છકો પાસેથી આવતી માતબર દાનની રકમ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તેનું ખાસ ધ્યાન રાખતા. કોઇપણ જાતના નાતજાત કે, કોમના ભેદભાવ રાખ્યા વગર ગરીબ દર્દીને એકવાર હા પાડ્યા પછી તે સંપૂર્ણ સાજો ન થાય ત્યાં સુધી, જરૂરી દવાઓ, ફળો વગેરે પ્રકારની સહાય કરતા, ઉપરાંત તેમના સ્વજનોને જમવાની વ્યવસ્થા પણ કરી આપતા. નગીનકાકાના હૃદયમાં માનવતા-સંવેદના-કરૂણતાનો એવો ઝરો હતો જે સતત વહ્યા જ કરતો હતો. સાંડા પાંચ દાયકા સુધી અનેક લોકોની જીંદગી બચાવી હતી. જીવનના છેલ્લા શ્વાસ સુધી ગરીબ દર્દીઓની સેવા કરનાર સાચા અર્થમાં સમાજ સેવાના ભેખધારી હતા.

તેઓએ બેંકની પત્રકાર શાખાના, શાખા વિકાસ સમિતિના સભ્ય તરીકે સેવા આપી હતી. તેઓશ્રીના અવસાનથી બેંકે તેના એક શુભેચ્છક ગુમાવ્યા છે.

**શ્રી રતનસીંગ ઠાકોર** આપણી કરન્સી ચેસ્ટમાં કાર્યરત હતા તેમનું અકાળે અવસાન થયેલ છે તેઓ એક અનુભવી અને કર્તવ્યનિષ્ઠ કર્મચારી હતા.

બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેઓના આત્માને પરમાત્મા ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**આભાર દર્શન :**

બેંકના સંચાલનમાં સહાયભૂત થનાર રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના રિજીયોનલ ડિરેક્ટરશ્રી એસ.કે. પાણીગ્રહી, રિઝર્વ બેંકના ડિપાર્ટમેન્ટ ઓફ કો-ઓપરેટીવ બેંકસ સુપરવિઝનના મુંબઇ ખાતેના શ્રી જે.કે. ડેશ, કો.ઓપ. બેંક્સ રેગ્યુલેશનના ચીફ જનરલ મેનેજર શ્રી સૌરવસિંહા, રિઝર્વ બેંકના ડિપાર્ટમેન્ટ ઓફ સુપરવિઝનના ચીફ જનરલ મેનેજર શ્રી અશોકકુમાર, ડો. વિવેક અગ્રવાલ, જોઇન્ટ સેક્રેટરી (Co-Op) અને સેન્ટ્રલ રજીસ્ટ્રાર નવી દિલ્હી, ગુજરાત રાજ્યના સહકાર ખાતાના રજીસ્ટ્રારશ્રી દેવાંગભાઇ દેસાઇ, ગુજરાત અર્બન કો.ઓપ. બેંક્સ ફેડરેશનના ચેરમેન શ્રી જ્યોતિન્દ્રભાઇ મહેતા, ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક તથા અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપ બેંક લિ. ના ચેરમેન શ્રી અજયભાઇ પટેલનો, તેમણે આપેલા સહકાર બદલ બોર્ડ આભાર માને છે.

આપણી બેંકના રોજબરોજના કામમાં મદદ કરતી સંસ્થાઓ જેવી કે SEBI, NSDL તથા અન્ય બેંકો જેવી કે બેંક ઓફ બરોડા, ફેડરલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, HDFC બેંક, ICICI બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, SIDBI, ECGC,FEDAI,CCIL,NPCI,IBA તથા વિદેશી બેંકો જેવી કે HABIB AMERICAN BANK; COMMERZ BANK AG. વગેરેના અધિકારીઓનો આ પ્રસંગે બોર્ડ આભાર માને છે.

બેંકના સર્વે ઓડિટર્સ, સ્ટેચ્યુટરી ઓડિટર્સ, લીગલ એડવાઇઝર્સ, વેલ્યુઅર્સ, એડવોકેટ્સ સર્વેનો આ પ્રસંગે આભાર માનીએ છીએ. ખાસ કરીને બેંકના લિગલ એડવાઇઝરશ્રી અજીતસિંહ જાડેજા, શ્રી હિરેનભાઇ રાવલ, બી.આર.પટેલ એન્ડ કું. તથા શ્રી જતીનભાઈ શેઠનો વર્ષ દરમ્યાન તેમણે આપેલ સહકાર બદલ બોર્ડ આભાર માને છે.

બેંકના પ્રોફેશનલ અને પારદર્શક સંચાલન તથા વિકાસમાં સતત સાથ આપનાર બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સર્વે સભ્યશ્રીઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. બેંકની કામગીરીમાં હંમેશા સહાયરૂપ થતાં ચેરમેન એમેરિટસ શ્રી અંબુભાઇ પટેલ, વાઇસ ચેરમેનશ્રી મિનેશભાઇ પટેલ, એમ.ડી.શ્રી પી.એફ.ભરૂચાનો અમો ઋણ સ્વીકાર કરીએ છીએ. બેંકના ઓડિટ/ઈન્સપેક્ષનના કામકાજમાં તથા Human Resources Management ની કામગીરીમાં અમૂલ્ય યોગદાન આપવા બદલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને બેંકના પ્રોફેશનલ ડિરેક્ટરશ્રી કૌશિકભાઈ પટેલની તથા બેંકના ઈન્ફરમેશન ટેકનોલોજી સંબંધી કામકાજમાં અમૂલ્ય સલાહ આપવા બદલ ડિરેક્ટર શ્રી કિરીટભાઈ પટેલ, CA શ્રી કેતુલભાઈ પટેલ તથા શ્રી રાહિલભાઇ પટેલની સેવાઓની બોર્ડ સાભાર નોંધ લે છે. શ્રી

સુરેશભાઇ એન. પટેલનો બોર્ડના સલાહકાર તરીકે મૂલ્યવાન માર્ગદર્શન આપવા બદલ બેંક આભાર માને છે.

બેંકની પ્રીમાઈસીસ & ઈક્વીપમેન્ટ કમિટિના સભ્ય તરીકે સેવાઓ આપતા ડિરેક્ટરશ્રી બિપીનભાઈ શાહ, ડિરેક્ટર શ્રી હસમુખભાઈ પટેલ તથા ડિરેક્ટર ડૉ. શ્રી દિનેશભાઇ અમીનની સેવાઓની બોર્ડ સાભાર નોંધ લે છે. તદ્ઉપરાંત બેંકના હંમેશાં હિતચિંતક, પૂર્વ સાંસદશ્રી સુરેન્દ્રભાઈ પટેલ દ્વારા વર્ષ દરમ્યાન આપેલ સલાહ સૂચનો બદલ બોર્ડ એમનો સાદર આભાર માને છે. બેંક દ્વારા MSME ક્ષેત્રે ધિરાણ વધારવાની કામગીરીમાં અમૂલ્ય યોગદાન આપવા બદલ ડિરેક્ટર શ્રી અંબરભાઈ પટેલ, ડિરેક્ટર શ્રી કિરીટભાઈ પટેલ, ડિરેક્ટર શ્રી શૈલેષભાઇ સોનારાનો તેમજ બેંકના કામકાજમાં અમૂલ્ય સલાહ સૂચન આપવા બદલ તથા માઇક્રો ફાઇનાન્સ ક્ષેત્રે સેવાઓ આપતા ડિરેક્ટર શ્રીમતી મિત્તલબેન પટેલ, બેંકના વિકાસ માટે સલાહ સૂચનો આપવા બદલ ડિરેક્ટર શ્રીમતી માધવીબેન પટેલની સેવાઓની બોર્ડ સાભાર નોંધ લે છે. શાખા વિકાસ સમિતિઓનાં સર્વે સભ્યશ્રીઓએ આપેલ સેવાઓની બેંકનું બોર્ડ સરાહના કરે છે.

બેંકના જનરલ મેનેજર અને સી.ઇ.ઓ. શ્રી વિનોદભાઈ દાદલાણી, બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સચિવશ્રી મહેન્દ્રભાઈ પટેલ, વરિષ્ઠ અધિકારીઓ સહિત તમામ અધિકારગણ, શાખા મેનેજરો તથા સર્વે કર્મચારીગણે નિષ્ઠા અને વફાદારીપૂર્વક કરેલી કામગીરીની કદરપૂર્વક નોંધ લઈ સર્વેને ધન્યવાદ આપીએ છીએ. બેંકમાંથી સેવા નિવૃત્તિ લીધા પછી બેંકમાં માનદ્સેવા આપતા શ્રી મહેશચંદ્ર એસ. વ્યાસ અને શ્રી હિંમતભાઇ શાહની સેવાની અમે કદર કરીએ છીએ.

બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, વર્તમાનપત્રો, સામાયિકો અને ટી.વી. મિડીયાનો તેમણે આપેલા સહકાર બદલ આભાર વ્યક્ત કરે છે.

અમે પરિણામલક્ષી બેંકિંગ માટે "પ્રગતિશીલ અને ગ્રાહક કેન્દ્રિત અભિગમ" સાથે કાર્ય કરી રહ્યા છીએ. અમે અમારી સેવાઓને વધુ કાર્યક્ષમ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છીએ. આ કામગીરીમાં આપના સૂચનો અમને માર્ગદર્શન પૂરું પાડશે તેથી બોર્ડ આપના સહયોગ માટે વિનંતી કરે છે.

આપ સર્વેનો પુનઃઆભાર
આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ
અમને સર્વે દિશાઓથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ !!

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,
નવનીતભાઈ સી.પટેલ
ચેરમેન









## તા.૩૧-૩-૨૦૨૦ ના રોજનું ઓડિટ થયેલું સરવૈયું

(રૂા. લાખમાં)

| ૩૧-૩-૧૯ રૂા. | ભંડોળ તથા દેવું | ૩૧-૩-૨૦ રૂા. | ૩૧-૩-૧૯ રૂા. | મિલ્કત તથા લેણું | ૩૧-૩-૨૦ રૂા. |
|---|---|---|---|---|---|
| ૯૧૫૪.૬૭ | વસુલ આવેલ શેર ભંડોળ | ૯૪૪૪.૫૦ | ૩૧૭૩૧.૬૭ | રોકડ | ૨૬૫૧૮.૩૧ |
| ૧૨૪૪૭૯.૪૯ | અનામત ભંડોળ અને અન્ય ભંડોળ | ૧૩૫૧૯૫.૧૨ | ૧૦૨૧૧૮.૩૪ | અન્ય બેંકોમાં સિલક | ૧૩૬૮૧૩.૭૭ |
| | | | ૩૦૦૦.૦૦ | કોલ નોટીસની થાપણો | ૧૯૭૦૦.૦૦ |
| ૬૯૩૯૩૪.૭૬ | થાપણો | ૭૮૩૭૦૨.૮૧ | ૨૨૮૮૧૨.૫૭ | રોકાણો | ૨૭૪૧૮૯.૮૪ |
| – | કરજ | ૧૪૮૦૦.૦૦ | ૪૬૭૬૮૦.૨૯ | ધિરાણો | ૪૯૧૮૨૩.૭૭ |
| ૭૪૨૧૧.૯૯ | બીલ્સ ફોર કલેક્શન | ૯૭૦૦૯.૩૨ | ૧૫૨૨૪.૪૫ | મળવાપાત્ર વ્યાજ | ૧૫૪૨૩.૮૩ |
| ૮૫૦૭.૫૪ | મુદત બહારના વ્યાજ માટે અનામત | ૭૫૬૦.૧૨ | ૭૪૨૧૧.૯૯ | બીલ્સ રીસીવેબલ | ૯૭૦૦૯.૩૨ |
| | | | ૬૦૩૨.૯૨ | સ્થાવર મિલ્કત | ૬૫૫૩.૧૨ |
| ૧૦૨૦.૫૭ | ચૂકવવાપાત્ર વ્યાજ | ૭૧૮.૮૩ | ૨૬૬૧.૭૨ | રાચરચીલું તથા જડતર | ૨૭૧૧.૪૦ |
| ૨૪૩૭૨.૦૧ | અન્ય જવાબદારીઓ | ૩૨૩૩૦.૬૩ | ૧૬૪૭૯.૨૫ | અન્ય અસ્ક્યામતો | ૨૨૮૭૦.૨૬ |
| ૧૨૨૭૨.૧૭ | નફા–નુકશાન ખાતુ | ૧૨૮૫૦.૨૯ | | | |
| ૯૪૭૯૫૩.૨૦ | કુલ | ૧૦૯૩૬૧૧.૬૨ | ૯૪૭૯૫૩.૨૦ | કુલ | ૧૦૯૩૬૧૧.૬૨ |

## તા.૩૧-૩-૨૦૨૦ ના રોજ પુરા થતા વર્ષનું નફા - નુકશાન ખાતું

(રૂા. લાખમાં)

| ૩૧-૩-૧૯ રૂા. | ખર્ચ | ૩૧-૩-૨૦ રૂા. | ૩૧-૩-૧૯ રૂા. | આવક | ૩૧-૩-૨૦ રૂા. |
|---|---|---|---|---|---|
| ૩૮૪૮૫.૭૬ | થાપણો–કરજ પર વ્યાજ | ૪૪૯૭૨.૧૪ | ૬૫૩૧૭.૦૭ | વ્યાજ | ૭૧૬૧૭.૪૯ |
| ૫૬૮૮.૭૬ | પગાર, પ્રોવિડંડ ફંડ વગેરે | ૭૩૧૧.૮૦ | ૧૨૮૯.૦૬ | વટાવ અને દલાલી | ૧૪૭૨.૪૭ |
| ૧૩૨૭.૯૩ | ભાડુ, કર, વીમો, વીજળી | ૧૪૬૮.૩૨ | ૪૩૨૬.૦૭ | અન્ય આવક | ૫૧૭૯.૯૮ |
| ૨૫.૬૩ | લીગલ ફી | ૨૦.૮૩ | ૧૩૭.૭૭ | અસ્ક્યામતોના વેચાણથી થયેલ નફો | ૫.૫૬ |
| ૨૦૫.૧૩ | તાર, ટપાલ, ટેલીફોન | ૧૯૯.૮૭ | | | |
| ૬૦.૪૭ | ઓડિટ ફી | ૬૬.૯૨ | ૧૩૬.૮૭ | પ્રુડેન્શીયલ રાઇટ ઓફ રીકવરી | ૧૪.૦૨ |
| ૧૧૭૦.૨૩ | ઘસારો અને મિલ્કત મરામત | ૧૨૫૬.૭૦ | ૧૫૪.૪૩ | બેડ ડેબ્ટ / ૩૬(I)(VIIa) IT Act ૧૯૬૧, રીટર્ન બેક | ૫૦૬.૫૪ |
| ૧૯૮.૯૪ | સ્ટેશનરી, છાપકામ અને જાહેરખબર | ૨૦૭.૬૦ | – | બેડ ડેબ્ટ રીટર્ન બેક | ૨૭૫.૦૦ |
| ૨૧૧૦.૫૬ | અન્ય ખર્ચ | ૩૭૫૬.૭૦ | – | ઇન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીએશન રીઝર્વ રીટર્ન બેક | ૬૩૮૬.૬૩ |
| ૩૦૦.૦૦ | કન્ટીનજન્ટ પ્રોવિઝન અગેઇન્સ્ટ સ્ટાન્ડર્ડ એસેટ્સ | ૨૭૫.૦૦ | | | |
| ૧૫૪.૪૩ | બેડ ડેબ્ટ રીટર્ન ઓફ | ૫૦૬.૫૪ | | | |
| - | જનરલ પ્રોવિઝન | ૪૦૦૦.૦૦ | | | |
| - | ઇન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીએશન રીઝર્વ | ૪૪૪.૯૬ | | | |
| ૯૩૬૧.૨૬ | જોગવાઇઓ | ૮૧૨૦.૦૨ | | | |
| ૧૨૨૭૨.૧૭ | ચોખ્ખો નફો | ૧૨૮૫૦.૨૯ | | | |
| ૭૧૩૬૧.૨૭ | કુલ | ૮૫૪૫૭.૬૯ | ૭૧૩૬૧.૨૭ | કુલ | ૮૫૪૫૭.૬૯ |

# Independent Statutory Auditors' Report for the Year Ended 31st March 2020

(As required under Section 31 of Banking Regulation Act, 1949 as applicable to Co-operative Societies and section 73(4) of Multi State Co-operative Societies Act, 2002 and Rule 27 of The Multi State Co-operative Societies Rules)

To,
The Members,
The Kalupur Commercial Cooperative Bank,
Ahmedabad.

## Opinion

1. We have audited financial statements of **THE KALUPUR COMMERCIAL CO-OPERATIVE BANK LTD., AHMEDABAD** which comprises of the Balance sheet as at 31ST March 2020, the Profit and Loss account, and the cash flow statement for the year then ended, and notes to the financial Statements, including a summary of significant accounting policies and other explanatory information. The returns of 59 branches audited by us are incorporated in these financial statement .The branches audited by us have been selected by the bank in accordance with the guidelines issued to the bank by the Central Registrar of Cooperative Societies.

2. In our Opinion and to the best of our information and according to the explanation given to us, the aforesaid financial statements together with the notes thereon give the information required by Banking Regulation Act, 1949, the Multi State Co operative Societies Act, 2002 and the Multi State Co operative Societies Rules, 2002 and the guidelines issued by the National Bank for Agricultural and Rural Development (as applicable) and guidelines issued by Reserve Bank of India, the Central Registrar of Cooperative Societies and in the manner so required for bank and are in conformity with accounting principles generally accepted in India and give:

   a. true and fair view in case of the Balance sheet, of the state of affairs of the Bank as at 31st March, 2020;

   b. true balance of profit in case of Profit and loss account for the year ended on that date; and

   c. true and fair view in case of statement of cash flows for the year ended on that date.

## Basis for Opinion

3. We conducted our audit in accordance with the Standards on Auditing (SAs) issued by ICAI. Our responsibilities under those standards are further described in the Auditor's Responsibilities for the Audit of the Financial Statements section of our report. We are independent of the entity in accordance with the ethical requirements that are relevant to our audit of the financial statements and we have fulfilled our other ethical responsibilities in accordance with these requirements. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

## Emphasis of matter

We draw your attention to note no.13 to Schedule 1 Notes on Financial statement which describes that the extent to which COVID 19 Pandemic will impact bank's operation will depend on future developments which are highly uncertain.

Our opinion is not modified in respect of this matter

## Other Matters

4. Due to the outbreak of COVID-19 pandemic that caused nationwide lockdown and other travel restrictions imposed by the Central and State Governments/ Local administration during the period of our audit, we could not travel to the Branches and carry out the audit processes thought remote access.

   We have relied on the Details/Documents/Data/records provided to us by the bank through digital medium including mail and remote access. To this extent, the audit process was carried out on the basis of such documents, reports and records made available to us which were relied upon as audit evidence for conducting the audit and reporting for the current period..

   Our opinion is not modified in respect of this matter

## Responsibility of Management and Those Charged with Governance for the Financial Statements

5. The Bank's Board of Directors is responsible with respect to the preparation of these financial statements that give a true and fair view of the financial position, financial performance and cash flows of the Bank in accordance with the accounting principles generally accepted in India, including the Accounting Standards issued by ICAI, and with

provisions of the Banking Regulations Act, 1949, the guidelines issued by the Reserve Bank of India and the guidelines issued by the National Bank for Agricultural and Rural Development, the Central Registrar of Cooperative Societies, the Multi State Co operative Societies Act, 2002, the Multi State Co operative Societies Rules, 2002 (as applicable) This responsibility also includes maintenance of adequate accounting records in accordance with the provisions of the Act for safeguarding of the assets of the Bank and for preventing and detecting frauds and other irregularities; selection and application of appropriate accounting policies; making judgments and estimates that are reasonable and prudent; and design, implementation and maintenance of adequate internal financial controls, that were operating effectively for ensuring the accuracy and completeness of the accounting records, relevant to the preparation and presentation of the financial statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.In preparing the financial statements, management is responsible for assessing the entity's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless management either intends to liquidate the entity or to cease operations, or has no realistic alternative but to do so.

Those charged with governance are responsible for overseeing the entity's financial reporting process.

**Auditor's Responsibility**

6. Our objectives are to obtain reasonable assurance about whether the financial statements as a whole are free from material misstatement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with SAs will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.

As part of an audit in accordance with SAs, we exercise professional judgment and maintain professional skepticism throughout the audit. We also:

- Identify and assess the risks of material misstatement of the financial statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of internal control.
- Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by management.
- Conclude on the appropriateness of management's use of the going concern basis of accounting and, based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the bank's ability to continue as a going concern. If we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the financial statements or, if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our auditor's report. However, future events or conditions may cause the entity to cease to continue as a going concern.
- Evaluate the overall presentation, structure and content of the financial statements, including the disclosures, and whether the financial statements represent the underlying transactions and events in a manner that achieves fair presentation.

We communicate with those charged with governance regarding, among other matters, the planned scope and timing of the audit and significant audit findings, including any significant deficiencies in internal control that we identify during our audit.

We also provide those charged with governance with a statement that we have complied with relevant ethical requirements regarding independence, and to communicate with them all relationships and other matters that may reasonably be thought to bear on our independence, and where applicable, related safeguards.

**Report on Other Legal & Regulatory Requirements**

7. The Balance Sheet and the Profit and Loss Account have been drawn up in Forms "A" and "B" respectively of the Third Schedule to the Banking Regulation Act, 1949 and the Multi State Co operative Societies Act, 2002, the Multi State Co operative Societies Rules, 2002.

8. Subject to the limitations of the audit indicated in paragraph 7 above and as required by Section 73(4) of the Multi State Co operative Societies Act, 2002, and subject also to the limitations of disclosure required therein, we report that:

   a) We have obtained all the information and explanations, which to the best of our knowledge and belief were

necessary for the purpose of our audit and have found them to be satisfactory;

b) The transactions of the Bank which came to our notice have been within the powers of the Bank;

c) In our opinion, proper books of account as required by law have been kept by the Bank so far as it appears from our examination of those books and proper returns adequate for the purposes of our audit have been received from the branches/offices.

d) The Balance Sheet,the Profit and Loss Account and statement of cash Flows dealt with by this report are in agreement with the books of account and the returns;

e) In our opinion, The Balance Sheet, the Profit and Loss Account and the Statement of Cash Flows comply with applicable accounting standards, to the extent they are not inconsistent with the accounting policies prescribed by RBI.

**Schedules forming part of Auditors report on the financials of**

9. As required under Rule 27(3) of the Multi State Cooperative Societies Rules, 2002, we report on the matters specified in that Rule as under:-

(a) During the course of audit we have generally not come across anymaterial transactions which appear to be contrary to the provisions of the Multi State Cooperative Societies Act, 2002, the rules or the bye laws of the Bank .

(b) During the course of audit we have not come across material and significant transactions which appear to be contrary to the guidelines issued by the Reserve Bank of India and National Bank for Agriculture and Rural Development.

(c) Money belonging to the Bank which appears to be bad or doubtful of recovery (Refer **Schedule A** to this report):

(d) As per information given to us and to the best of our knowledge, there are no loans given by the Bank to the members of the Board except those permissible under RBI guidelines;

(e) During the course of our audit we have generally not come across any violation of guidelines, conditions etc., issued by the Reserve Bank of India or National Bank for Agriculture and Rural Development.

(f) To the best of our knowledge, there are no matters that have been specified by the Central Registrar of Cooperative Societies in this regard.

**For, R. S. Patel & Co.**
**Chartered Accountant**
**FRN: 107758W**

**Rajan B. Shah**
**Partner**
**M.N.:101998**
**UDIN: 20101998AAAAJA6121**

**Date : 28/08/2020**
**Place : Ahmedabad**

## Schedule – A

- The following monies due to the bank appear to be doubtful of recovery (Rule 27(3)(c)).(Advances categorized as doubtful and loss assets as per prudential norms are considered as doubtful of recovery):

| **Category** | **Amount outstanding as on 31.03.2020** (Rs. In Lacs) |
|---|---|
| Doubtful Assets | 6274.87 |
| Loss Assets | 284.50 |
| **Total** | 6559.37 |

**Adequate provision has been made against the above advances as per RBI guidelines.**

## Disclosure of various information as required by RBI circular no. UBD CO. BPD.(PCB) CIR.NO.52/12.05.001/2013-14 dated 25-03-2014 is as under :-

Rs. Crores

| | Particulars | As on 31.03.2020 | As on 31.03.2019 |
|---|---|---|---|
| 1 | **Movement of CRAR:** | | |
| | a) Tier I Capital | **15.53%** | 15.15% |
| | b) Tier II Capital | **2.07%** | 1.52% |
| | Capital Adequacy Ratio (CRAR) Total | **17.60%** | 16.67% |
| 2 | **Investments:** | | |
| | a) Book value of investments | **2741.88** | 2288.13 |
| | b) Face value of investments | **2700.44** | 2240.88 |
| | c) Market value of investments | **2831.62** | 2285.90 |
| 3 | **Advances against real estate, construction business** | **233.40** | 234.59 |
| 4 | **Advances against housing** | **853.66** | 677.27 |
| 5 | **Advances against shares & debentures** | **0.60** | 0.49 |
| 6 | **Advances to directors,their relatives, companies / firms in which they are interested:** | | |
| | a) Fund-based (Against Fixed Deposits) | **0.36** | 1.14 |
| | a) Non-Fund-based (Guarantees,L/C, etc.) | **0.00** | 0.00 |
| 7 | **Cost of Deposits: Average cost of deposits** | **6.13%** | 5.96% |
| 8 | Movement in NPAs | | |
| | a) Gross NPAs | **75.41** | 137.59 |
| | b) Gross NPAs to Gross Advances % | **1.53%** | 2.94% |
| | c) Net NPAs | **0.00** | 0.00 |
| | d) Net NPAs to Net Advances % | **0.00%** | 0.00% |
| | **Movement in NPAs Rs.** | | |
| | a) Gross NPA at the beginning of the year | **137.59** | 70.56 |
| | Add: Addition during the year | **33.48** | 86.88 |
| | Less: reduction during the year | **95.66** | 19.85 |
| | At the end of the year | **75.41** | 137.59 |
| | b) Net NPA at the begning of the year | **0.00** | 0.00 |
| | Add: Addition during the year | **0.00** | 0.00 |
| | Less: reduction during the year | **0.00** | 0.00 |
| | At the end of the year | **0.00** | 0.00 |
| 9 | **Profitability:** | | |
| | a) interest income as a percentage of working funds | **7.24%** | 7.55% |
| | b) Non-interest income as a percentage of working funds | **1.40%** | 0.68% |
| | c) Operating profit as apercentage of working funds | **2.12%** | 2.50% |
| | d) Return on Assets | **1.40%** | 1.50% |
| | e) Business (Deposits + Advances) per employee | **14.97** | 14.22 |
| | f) Profit per employee | **0.15** | 0.15 |
| 10 | **Provisions made towards NPAs, Depreciation in Investments, Standard Assets** | **233.18** | 278.84 |
| 11 | **Movement in provisions:** | | |
| | a) Towards NPAs | **157.72** | 146.75 |
| | b) Towards depreciation on investments, | **27.00** | 86.41 |
| | c) Towards standard assets | **48.46** | 45.68 |
| 12 | **Foreign currency assets & liabilities:** | | |
| | (I) Assets | **12.77** | 82.03 |
| | (ii) Liabilities | **8.13** | 4.66 |
| 13 | **Payment of DICGC Premium** | **7.19** | 6.44 |
| 14 | **Penalty Impose by RBI** | **-** | - |
| 15 | **Restructured Accounts** | **-** | - |